*Shree Kundkund-Kahan Parmarthik Trust*
302, 'Krishna-Kunj', Plot No.30, Navyug CHS Ltd., V. L. Mehta Marg, Vile Parle(w), Mumbai–400056
**Phone No. :** (022) 2613 0820. **Website :** www.vitragvani.com **Email :** info@vitragvani.com

Atmadharma is a magazine that has been published from Songadh, since 1943. We have re-typed and uploaded the old Atmadharma Magazines to our website www.vitragvani.com

We have taken utmost care while re-typing, from the original Atmadharma Magazines. There may be some typographical errors, for which we request all readers to kindly inform us about the same, to enable us to correct and improve. Please send your comments to info@vitragvani.com

**Shree Kundkund-Kahan Parmarthik Trust**
**(Shree Shantilal Ratilal Shah-Parivar)**

दंसणमूलो धम्मो



# આત્મધર્મ



આત્માર્થિતા વાત્સલ્ય દેવગુરુધર્મની સેવાનો સન્દેશ આપતું માસિક

૩૧૪

## સ્વયંસિદ્ધ આ વિશ્વનું સ્વરૂપ

અરિહંતદેવે જોયેલું જે આ સ્વયંસિદ્ધ વિશ્વ, તેમાં અનંતા ચેતન અને જડ પદાર્થો છે; ચેતન કે જડ કોઈ પદાર્થ પોતાની સ્વજાતિને કદી છોડતો નથી.

ચેતન સદા ચેતનપણે રહીને, અને જડ સદા જડપણે રહીને, પોતપોતાના ઉત્પાદ-વ્યય-ધ્રુવમાં વર્તે છે.

નિત્ય એવા ગુણરૂપ, અને અનિત્ય એવી પર્યાયોરૂપ, એ રીતે પોતાના ગુણ-પર્યાયોરૂપ વસ્તુ પોતે જ છે. ગુણપણે કાયમ રહીને તે પોતે જ પોતાની પર્યાયરૂપે પરિણમે છે.

ભિન્ન વસ્તુના ગુણ-પર્યાયો એકબીજામાં કદી ભળતા નથી, કે એકબીજાને કદી કરતા નથી.

સર્વજ્ઞદેવે જોયેલું આવું વસ્તુસ્વરૂપ, વીતરાગી સંતોએ પ્રસિદ્ધ કરીને જગતને ભેદજ્ઞાન કરાવ્યું છે.

( વિશેષ માટે આ અંકમાં આપેલાં પ્રવચનો વાંચો. )

તંત્રીઃ પુરુષોત્તમદાસ શિવલાલ કામદાર સંપાદકઃ બ્ર. હરિલાલ જૈન
વીર સં. ૨૪૯૬, માગશર ( લવાજમઃ ચાર રૂપિયા ) વર્ષ ૨૭ : અંક ૨

શ્રી દિ. જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ (સૌરાષ્ટ્ર)

# પ્રવચનસારની પૂર્ણતા...પંચાસ્તિકાયનો પ્રારંભ

( સોનગઢ, કારતક સુદ પાંચમ )

પ્રવચનસાર પૂર્ણ કરતાં આચાર્યદેવ કહે છે કે હે જીવો! હે પરમ આનંદના પિપાસુઓ! તમે આવો રે આવો! અહીં પરમ આનંદના અમૃતથી ભરેલી કેવળજ્ઞાનની મહા નદી વહે છે. આવી કેવળજ્ઞાન અને આનંદથી ભરેલી નદીમાં ડુબેલું જે ઉત્તમ ચૈતન્યરત્ન ઉલ્લસી રહ્યું છે તેને તમે આજે જ અનુભવમાં લ્યો.

જે જ્ઞાન–આનંદમય તત્ત્વ છે તે જ સ્વતત્ત્વ છે; પોતાના આવા મહાન ચૈતન્યરત્નરૂપ સ્વતત્ત્વને હે જીવો! તમે આ જિનમાર્ગમાં આજે જ પ્રાપ્ત કરો. આ આનંદમય ચૈતન્યતત્ત્વ જ જગતમાં સર્વોત્તમ તત્ત્વ છે. તેને આજે જ આનંદથી અનુભવો.

પંચાસ્તિકાયનો પ્રારંભ કરતાં આચાર્યદેવ કહે છે કે તે પરમાત્માને નમસ્કાર હો –કે જેમની મહાનતા સહજ આનંદ અને ચૈતન્યપ્રકાશને લીધે છે. આત્માનો સહજ જ્ઞાન –આનંદ સ્વભાવ છે, તેની મહાનતા ભાસી એટલે રાગની મહાનતા ન રહી, રાગથી ભિન્નતા થઈ, તે મંગળ છે. પરને કરવા વડે કે રાગ વડે આત્માની મહત્તા નથી. સહજ ચૈતન્ય અને સહજ આનંદ, તેના વડે જ આત્માની મહાનતા છે આવા જ્ઞાન–આનંદને પામેલા પરમાત્માને ઓળખતાં પોતાના આત્માને પણ તેવો જ, રાગાદિથી જુદો જ્ઞાન –આનંદમય જાણ્યો; તે અપૂર્વ મંગળ થયું. જેમની અત્યંત મધુર, હિતકર વાણી પરમાર્થ રસિક જીવોને વિશુદ્ધ આત્મતત્ત્વની ઉપલબ્ધિનો ઉપાય બતાવનારી છે, અને ભવને જીતીને જેઓ જિતભવ થયા છે, એવા જિનદેવને નમસ્કાર કરીને, આચાર્યદેવ ભગવાને કહેલા પંચાસ્તિકાયરૂપ અર્થ કહે છે,–કે જેને ઓળખતાં ચારગતિનો નાશ થઈને જીવને સ્વતંત્રતારૂપ નિર્વાણની પ્રાપ્તિ થાય છે. માટે આ આગમને હે ભવ્યજીવો! તમે ભક્તિપૂર્વક સાંભળો.

*પરમ આનંદરૂપે પરિણમવાનું કહીને પ્રવચનસારની પૂર્ણતા કરી.

*સહજ આનંદમય પરમ આત્માને નમસ્કાર કરીને પંચાસ્તિકાયનો પ્રારંભ કર્યો.

આત્મધર્મનું લવાજમ રૂા. ચાર ભરીને હજી સુધી આપ ગ્રાહક ન થયા હો તો તુરતમાં જ ગ્રાહક બનો...જેથી ભેટ પુસ્તકસહિત પુરા અંકો આપ મેળવી શકો.

–આત્મધર્મ કાર્યાલય
સોનગઢ ( સૌરાષ્ટ્ર )

વાર્ષિક લવાજમ ચાર રૂપિયા

દંસણ મૂલો ધમ્મો

આત્મધર્મ

આત્માર્થીતા · વાત્સલ્ય · દેવગુરુધર્મની સેવા

વીર સં. ૨૪૯૬ માગશર 1969 Dec.

* વર્ષ ૨૭: અંક ૨ *

# વીતરાગના વારસ

જૈન એટલે વીતરાગનો વારસ; ભગવાન તીર્થંકરો દ્વારા વીતરાગતાનો જે અમૂલ્ય વારસો જૈનસમાજને મળ્યો છે તે જગતમાં બીજા કોઈને મળ્યો નથી. રત્નત્રયધારી સંતોએ સ્વાનુભૂતિના બળે આપણો આ અમૂલ્ય વારસો સાચવ્યો.

વીતરાગતાનો એ અમૂલ્ય વારસો ધીમે ધીમે ભૂલાતો જતો હતો ને રાગમાં ધર્મ મનાતો હતો,–પરંતુ–ઊંઘતા જૈનસમાજને ઢંઢોળીને પૂ. કાનજીસ્વામીએ એ અમૂલ્ય વારસાનું ભાન કરાવ્યું કે અરે જીવો! તમે સિદ્ધ છો...રાગ જેટલા તમે નથી, રાગમાં તમારી શોભા નથી. તમે તો સિદ્ધ ભગવાન જેવા અનંતગુણસંપન્ન છો. જેવા સિદ્ધ છે તેવા જ તમે છો; સિદ્ધ જેવા તમારા વીતરાગી વૈભવનો વારસો તમે સંભાળો.

વીતરાગતાની આવી હાકલ સાંભળીને, મુમુક્ષુ જીવો વીતરાગના વારસને શોભે એવું પોતાનું જીવન બનાવે છે. આત્મધ્યેય વડે રાગ–દ્વેષ કેમ ઓછા થાય ને વીતરાગતા કેમ વધે એ જ આપણું પ્રયોજન છે. આવા પ્રયોજનની પુષ્ટિ એ જ આપણા આત્મધર્મનું ધ્યેય છે.

'આત્મધર્મ' એ કોઈ વ્યક્તિને રાજી રાખવા માટે, કે કોઈ સંસ્થાના પ્રચાર માટે નથી ચાલતું, પણ સમસ્ત જૈન સમાજનું હિત લક્ષમાં રાખીને ચાલે છે; સમાજમાં ઘરે ઘરે વીતરાગતાનો સંદેશ પહોંચે, અને વીતરાગના વારસદારો પોતાના અમૂલ્ય વારસાને સમજે એ જ આપણા આત્મધર્મનું મહાન ધ્યેય છે. આપણે સૌ આપણા આ ધ્યેય તરફ ઝડપી પ્રગતિ કરીને આપણો વીતરાગી વારસો મેળવીએ...ને જૈનશાસનને શોભાવીએ. (સં.)

# જ્ઞાનીની અદ્‌ભુત જ્ઞાનચેતના

જ્ઞાનીની જ્ઞાનચેતના તે અત્યંત સૂક્ષ્મ છે અર્થાત્ અતીન્દ્રિય છે; ને શુભરાગ તો સ્થૂળ છે, તે સ્થૂળ ભાવ વડે અંદરના સૂક્ષ્મ ભાવો પકડી શકાતા નથી. રાગથી જુદા પડેલા એવા સૂક્ષ્મ જ્ઞાનવડે જ જ્ઞાનીની અદ્‌ભુત દશાને ઓળખી શકાય છે.

રાગની ક્રિયાઓ વખતે તેનાથી જુદી પરિણમનારી જ્ઞાનીની જે જ્ઞાનચેતના છે, તે જ્ઞાનચેતનાને અજ્ઞાનીઓ ઓળખતા નથી, એટલે જ્ઞાનીના ખરા કાર્યને તે ઓળખતા નથી; તેમને તો રાગ જ દેખાય છે. રાગથી પાર ભાવની તેમને ખબર નથી. પોતે રાગમાં તન્મય વર્તીને રાગને કરે છે એટલે 'જ્ઞાની પણ રાગને કરે છે'–એમ તેને પ્રતિભાસે છે; પણ, જ્ઞાની તો જ્ઞાનમય ભાવમાં જ તન્મય વર્તે છે ને રાગથી જુદા વર્તે છે–એવી અદ્‌ભુત જ્ઞાનપરિણતિ તે અજ્ઞાનીને દેખાતી નથી.

જ્ઞાનીના રાગાતીત ચૈતન્યભાવને સૂક્ષ્મ કહ્યા છે, ને રાગાદિ ભાવોને સ્થૂળ કહ્યા છે. અજ્ઞાની તે સૂક્ષ્મ ભાવોને અનુભવતો નથી, ને રાગાદિ સ્થૂળ ભાવોને જ અનુભવતો થકો તેને ધર્મ સમજે છે. જ્ઞાન ચેતના તો ચોખ્ખી છે, તે ચોખાના કણ જેવી છે, ને શુભરાગ તો ઉપરનાં ફોતરાં જેવાં છે. એકલા ફોતરાંને જ દેખે ને ફોતરાં જ ભેગાં કરીને ખાંડવા માંડે તો તેને કણની પ્રાપ્તિ કયાંથી થાય? જેમ જડની અને રાગની ક્રિયા તે ફોતરાં જેવી છે, તે ફોતરાંને જ જે આત્માનું કાર્ય માને, અને અંદરના કસદાર એવા જ્ઞાનભાવને ન ઓળખે તો તેને પોતામાં ભેદજ્ઞાન થતું નથી, ને બીજા જ્ઞાનીને પણ તે ઓળખી શકતો નથી. જ્ઞાનીનો ભાવ એટલે રાગથી જુદો પડેલો ચૈતન્યભાવ; રાગથી જુદો પડેલો રાગ વગરનો ભાવ. તે રાગને કેમ કરે?

રાગથી જુદી એવી જ્ઞાનચેતના તે જ્ઞાનવડે જ ઓળખાય છે, રાગ વડે ઓળખાતી નથી. માટે કહ્યું કે જ્ઞાનીની વાત જ્ઞાની જ જાણે; અજ્ઞાની તેને જાણી ન શકે.

પ્રશ્નઃ– તો અજ્ઞાનીએ શું કરવું?

ઉત્તરઃ– અજ્ઞાનીએ અજ્ઞાન છોડીને જ્ઞાની થવું. પોતામાં રાગથી ભિન્નતા

અનુભવ્યા વગર જ્ઞાનીને કયાંથી ઓળખશે ? અંધારું ટાળવા શું કરવું ? કે પ્રકાશ કરવો. તેમ અજ્ઞાન ટાળવા શું કરવું ? કે પોતામાં જ્ઞાનપ્રકાશ પ્રગટ કરવો. જ્ઞાન અને રાગની ભિન્નતાના ભેદજ્ઞાન વગર ધર્મના માર્ગમાં એક પગલુંય જવાતું નથી; જ્ઞાન અને રાગની ભિન્નતાના ભાન વગર પંચ પરમેષ્ઠીને ઓળખી શકાતા નથી, નવતત્ત્વને ઓળખી શકાતા નથી, કે સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપ વીતરાગી મોક્ષમાર્ગ પણ ઓળખાતો નથી. અજ્ઞાની તો રાગરૂપ તત્ત્વોને જ્ઞાનમાં ભેળવી દે છે, ને જ્ઞાનભાવમાં રાગનું કાર્ય માને છે. ઉદયભાવોને જ્ઞાનભાવો, અથવા બંધભાવો અને મોક્ષભાવો, તેની અત્યન્ત ભિન્નતાને ભેદજ્ઞાન વગર ઓળખાય નહીં. ને તે ઓળખ્યા વગર, જ્ઞાની શું કરે છે તેની ખબર પડે નહીં, જ્ઞાની જ્ઞાન કરે છે કે રાગ કરે છે? તે અજ્ઞાની જાણતો નથી. અંતરાત્માની ગતિને બહિરાત્મા શું જાણે ?

અજ્ઞાની શુભરાગમાં એકાકાર વર્તતો હોય, તે શુભથી જુદી જ્ઞાનચેતનાને ઓળખતો પણ ન હોય; અને જ્ઞાની અશુભ વખતે તેનાથી જુદી જ્ઞાનચેતનારૂપ વર્તતા હોય; ત્યાં એકલા શુભ–અશુભ રાગને જ જોનારો બાહ્યદ્રષ્ટિજીવ જ્ઞાનીની અંદરની જ્ઞાનચેતનાને કયાંથી ઓળખશે ? એ તો બહારના શુભ–અશુભ ભાવોને જ દેખનારો છે. જો શુભાશુભથી જુદી જ્ઞાનચેતનાને ઓળખે તો તે પોતે જ્ઞાની થઈ જાય, ને બીજા જ્ઞાની શું કરે છે (જ્ઞાન કરે છે કે રાગ કરે છે) તેની પણ તેને ખરી ઓળખાણ થાય. આવી ઓળખાણ કરવી તે સમ્યગ્દર્શન છે, તે ધર્મ છે.

ધર્મી જીવ સમ્યગ્દર્શનવડે પોતાના આત્માને શુદ્ધ ચૈતન્યમય અનુભવતા થકા એવા નિર્ભય હોય છે કે વજ્ર પડે તોપણ પોતાનો માર્ગ છોડતા નથી, જે સ્વભાવ જાણ્યો તેનાથી ચલિત થતા નથી. 'આ વજ્રથી મારા જ્ઞાનનો નાશ થઈ જશે !'–એમ ભયભીત થતા નથી, શંકા કરતા નથી. શંકા રહિત વર્તતા થકા નિર્ભયપણે પોતાને જ્ઞાનસ્વરૂપે જ અનુભવે છે. જગતમાં આકરા આળ આવે, ચારેકોર પ્રતિકૂળતા આવે, નિંદાની ઝડીઓ વરસતી હોય, ને શરીરમાં રોગની આકરી વેદના હોય, તોપણ ધર્મી પોતાના ચિદાનંદસ્વરૂપની શ્રદ્ધાથી ડગતા નથી, મારું શું થશે'–એમ ભયભીત થતા નથી; 'હું તો જ્ઞાન છું ને જ્ઞાન જ રહીશ; મારા જ્ઞાનમાં આ પ્રતિકૂળતાનો પ્રવેશ કેવો ? રાગનોય પ્રવેશ મારા જ્ઞાનમાં નથી'–એમ નિઃશંકપણે જ્ઞાનને જ અનુભવતા થકા ધર્મી જીવ નિર્ભય રહે છે.

આ પુદ્ગલનું બનેલું શરીર મારું નથી, તેના નાશે મારો નાશ થતો નથી; હું તો જ્ઞાનશરીર છું, મારું જ્ઞાનશરીર વજ્રઘાતથી પણ હણાતું નથી.–આમ

અવધ્ય જ્ઞાનપણે જ પોતાનું અસ્તિત્વ અનુભવતા ધર્મી જીવ, ગમે તેવી પ્રતિકૂળતા વખતેય પોતાના જ્ઞાનસ્વરૂપથી ચલિત થતા નથી, જ્ઞાનને અન્યથા માનતા નથી. આવું જ્ઞાનીનું પરમ સાહસ છે,–અપૂર્વ પુરુષાર્થ છે. ગમે તેવા પ્રસંગમાં જ્ઞાનને જ્ઞાનપણે જ અનુભવવું, બીજા કોઈ ભાવને જ્ઞાનમાં પ્રવેશવા ન દેવા, પ્રતિકૂળતાના ખળભળાટ વચ્ચેય જ્ઞાનને ધીરું–શાંત અનુભવવું–આવું આત્મશ્રદ્ધાનું પરમ પરાક્રમ જ્ઞાનીને જ હોય છે. તે અનુકૂળ કે પ્રતિકૂળ સર્વપ્રસંગે જ્ઞાનતત્ત્વમાં શંકા છોડીને નિઃશંકપણે એમ અનુભવે છે કે 'હું તો જ્ઞાન જ છું;' મારો નાશ નથી. આ પ્રતિકૂળતાના ઘેરાથી મારું જ્ઞાન અન્યથા થઈ જશે, કે અજ્ઞાન થઈ જશે–એવી શંકા સમ્યગ્દ્રષ્ટિને ઊઠતી નથી. તે તો અવધ્ય એવા જ્ઞાનસ્વરૂપે જ પરિણમે છે. આવું સામર્થ્ય સમ્યગ્દ્રષ્ટિ–જ્ઞાનીનું જ છે.

પરથી ભિન્ન, રાગથી ભિન્ન, જ્ઞાનમય આત્માને વેદવો તે ધર્મ છે. સાચો આત્મા જ તે છે કે જે જ્ઞાનરૂપે પરિણમે છે. શાશ્વત એવું મારું જ્ઞાન, તે કદી મારાથી જુદું પડે નહીં, તેનું કદી મરણ થાય નહીં, અભાવ થાય નહીં, દેહ અને રાગ તે કાંઈ મારું સ્વરૂપ નથી. દેહ તો જડ–પુદ્ગલોની રચના છે, એ કાંઇ મારી રચના નથી; રાગ પણ મારી રચના નથી; મારી રચના તો જ્ઞાન છે. જ્ઞાનવડે હું સદા જીવંત છું. મારે મરણ જ નથી પછી ભય કેવો ?–'અબ હમ અમર ભયે, ન મરેંગે.' રાગાદિથી જુદી, જ્ઞાનીની આવી જ્ઞાનચેતનાને જ્ઞાની જ ઓળખે છે.

( સમયસાર : કળશ ૧૫૩–૧૫૪ )

## -: ભાવના :-

કાંદીવલીના એક સભ્ય ( No. ૧૧૩૫ ) હંસાબેન લખે છે કે–'હું ઘરકામ કરી રહી હતી ત્યાં અચાનક જ ટપાલીનો ટહૂકો સંભળાયો અને હાથમાં આત્મધર્મ આવી પડયું. ઘરકામ એકબાજુ મુકી હું આત્મધર્મ જોવા લાગી. તેમાં ઘણી જ વિવિધતા જોવા મળી. પ્રથમ પાને જ શ્રુતજ્ઞાનનો અને સમ્યગ્દર્શનનો અપૂર્વ દીવડો પ્રગટાવવાનો મહામૂલો સંદેશ મળ્યો. આપણે ઈચ્છીએ કે આ દીવાળીનું પર્વ એટલે કે વીરપ્રભુનું પર્વ આપણે શ્રુતજ્ઞાનના ને સમ્યક્ત્વના દીવડા પ્રગટાવીને ઉજવીએ અને આપણા જીવનને ગુરુદેવના અમૂલ્ય પ્રતાપે જ્ઞાનપ્રકાશવડે ગૌરવવન્તું કરીએ. સાથે સાથે ગુરુદેવની અમોઘ વાણી આત્મધર્મ દ્વારા સદાય ઝરતી રહે, અને 'આત્મધર્મ' જગતમાં સર્વશ્રેષ્ઠ બની રહે, અને ચીરકાળ ગુરુદેવનાં વચનામૃત પીવડાવ્યા કરે–એવી ભાવના તેમણે વ્યક્ત કરી છે.

# સર્વજ્ઞે જોયેલી સર્વ પદાર્થની સત્તા

## વસ્તુની સ્વાધીન સત્તાને પ્રસિદ્ધ કરતો ખુલ્લો પત્ર-

લેઃ વીતરાગી સંતો

બહારની ‘સત્તા’ માટે લોકો કેટલા વલખાં મારે છે?–પણ જે સ્વાધીન ‘સત્તા’ રૂપે પોતે સદાય છે જ, તે સ્વ–સત્તાને જો ઓળખે તો સમ્યગ્જ્ઞાન વડે અપૂર્વ શાંતિનું વેદન થાય. હે જીવ! તારી સાચી સત્તા વીતરાગી સંતો તને સમજાવે છે. શ્રીગુરુ કહે છે કે આ તો વીતરાગી સંતોએ લખેલો ખુલ્લો પત્ર છે–કે જે વસ્તુના સત્‌સ્વરૂપને પ્રસિદ્ધ કરે છે.

(પંચાસ્તિકાય ગાથા ૮ ઉપરનાં પ્રવચનોમાંથી)

આ જગતમાં જીવ–પુદ્‌ગલ વગેરે પાંચ અસ્તિકાયો, અને છઠ્ઠું કાળદ્રવ્ય, એમ છ પ્રકારનાં દ્રવ્યો સત્ છે, અસ્તિરૂપ છે, સર્વજ્ઞદેવે તેમનું સ્વરૂપ પ્રત્યક્ષ જોયું છે; અને સંતોએ વીતરાગમાર્ગમાં તે પ્રસિદ્ધ કર્યું છે.

જગતમાં છ દ્રવ્યો સત્ છે, અને તેને જાણનારો સર્વજ્ઞસ્વભાવી આત્મા છે. છદ્રવ્યનું અસ્તિત્વ જે નથી માનતો તે આત્માના સર્વજ્ઞસ્વભાવને જ નથી જાણતો; તેમજ આત્માના સર્વજ્ઞસ્વભાવને જે નથી માનતો તે છ દ્રવ્યોને પણ યથાર્થપણે જાણતો નથી. સર્વજ્ઞ વગર છ દ્રવ્યોનાં અતીન્દ્રિય સ્વભાવને જાણે કોણ?

હવે, જગતમાં જે અસ્તિરૂપ દ્રવ્યો છે અને સર્વજ્ઞદેવે જે જોયા છે, તેમનું સ્વરૂપ કેવું છે? તેમનું સત્‌પણું કેવું છે? તે અહીં પંચાસ્તિકાયની આઠમી ગાથામાં કહે છે. આમાં વસ્તુના સત્‌સ્વરૂપની અલૌકિક સૂક્ષ્મ વાત છે.

જગતમાં આત્મા કે જડ, જે કોઈ વસ્તુ સત્ વિદ્યમાન છે તે એકલી નિત્ય નથી કે એકલી અનિત્ય નથી.

જો વસ્તુ સર્વથા નિત્ય હોય તો, તે કદી બદલે જ નહિ, એટલે તેમાં મિથ્યાત્વ ટળીને સમ્યક્‌ત્વ થઈ શકે નહીં, દુઃખ ટળીને સુખ થઈ શકે નહિ; કર્મની મિથ્યાત્વ દશા છૂટીને બીજી દશા થાય નહીં. સત્ વસ્તુ નિત્ય ટકીને

બદલતી હોય તો જ એ બધું સંભવે. માટે કહે છે કે સત્ એટલે કે વિદ્યમાન વસ્તુ સર્વથા નિત્ય કે સર્વથા ક્ષણિક નથી.

વસ્તુ જો સર્વથા અનિત્ય હોય તો, તે ટકે નહિ, એટલે 'કાલે હતો તે હું આજે છું, પૂર્વ ભવમાં હતો તે હું જ આ ભવમાં છું–' એવું પ્રત્યભિજ્ઞાન અર્થાત્ નિત્યતાનું જ્ઞાન કયાંથી થાય? વસ્તુની નિત્યતાને કારણે જ એવું જ્ઞાન થાય છે. અને એવા જ્ઞાનવાળા જીવો નજરે પણ દેખાય છે.

વળી વસ્તુ જો સર્વથા નિત્ય હોય તો, એક અવસ્થા પલટીને બીજી અવસ્થા કયાંથી થાય? બદલ્યા વગર મિથ્યાત્વ ટળીને સમ્યક્ત્વ ક્યાંથી થાય? શ્રુતજ્ઞાન ટળીને કેવળજ્ઞાન કયાંથી થાય? વસ્તુમાં અનિત્યતાને કારણે અવસ્થાઓ પલટે છે.

આ રીતે વસ્તુ નિત્ય–અનિત્યરૂપ છે. નિત્ય અનિત્ય એવા સ્વરૂપે જ વસ્તુનું અસ્તિત્વ છે. નિત્યતા હોવાથી ધ્રુવપણું છે, અને અનિત્યતા હોવાથી તેને ઉત્પાદ–વ્યય પણ છે. આ રીતે ઉત્પાદ–વ્યય–ધ્રુવ એવા ત્રણ સ્વરૂપે વસ્તુનું અસ્તિત્વ છે; તેને જ સત્તા કહેવાય છે. દરેક વસ્તુ સ્વાધીનપણે આવી સત્તાસ્વરૂપ છે.

જગતની જેટલી સત્ વસ્તુઓ છે તે બધી પોતે જ ઉત્પાદ–વ્યય–ધ્રુવસ્વરૂપ છે. તેની પર્યાયનો ઉત્પાદ પોતાથી જ છે, તેની મિથ્યાત્વાદિ પર્યાયનો વ્યય પણ પોતાથી જ છે, બીજાથી નથી. તેનું કાયમ ટકવારૂપ ધ્રુવપણું પણ પોતાથી જ છે, બીજાથી નથી.

આ એકલા જીવની વાત નથી પણ જગતના બધા પદાર્થોની વાત છે. દરેક પદાર્થનું સત્પણું એટલે કે અસ્તિત્વ પોતાના ઉત્પાદ–વ્યય–ધ્રુવ એવા ત્રણસ્વરૂપે છે. એકના ઉત્પાદ–વ્યય–ધ્રુવમાં બીજાની સત્તા નથી, એટલે બીજો તેના ઉત્પાદ–વ્યય–ધ્રુવને કરે એવું સત્ નથી.

વસ્તુ પોતાના સ્વરૂપથી ઉત્પાદ–વ્યય–ધ્રુવરૂપ છે, તેમ તેની સત્તા પણ ઉત્પાદ–વ્યય–ધ્રુવ એવા ત્રિલક્ષણસ્વરૂપ જાણવી. વસ્તુ ભાવવાન છે, સત્તા તેનો ભાવ છે, તેમને કથંચિત્ એકતા છે, એટલે જેવી વસ્તુ છે એવી જ તેની સત્તા છે.

જેમ ‘સત્તા’ એક ગુણ છે; ને વસ્તુ ગુણવાન છે; તેમ જ્ઞાન એક ગુણ છે –ભાવ છે, ને આત્મા ગુણવાન છે–ભાવવાન છે. જેમ આત્મવસ્તુ પોતે ઉત્પાદ–વ્યય –ધ્રુવરૂપ છે તેમ તેનો જ્ઞાનગુણ પોતાથી જ ઉત્પાદ–વ્યય–ધ્રુવરૂપ છે. જ્ઞાનપણે નિત્ય રહીને તે પોતે એક અવસ્થામાંથી બીજી અવસ્થારૂપે બદલે છે, એટલે ઉત્પાદ–વ્યયને કરે છે.

અજ્ઞાન ટળીને સમ્યગ્જ્ઞાન થયું કે શ્રુતજ્ઞાન પલટીને કેવળજ્ઞાન થયું, તે જ્ઞાનની પોતાની સત્તાથી થયું છે, કોઈ બીજાના કારણે થયું નથી. મિથ્યાત્વ ટળીને સમ્યક્ત્વ થયું–તે ઉત્પાદ–વ્યય જીવથી થયા છે, તે વખતે કર્મમાં મિથ્યાત્વ અવસ્થા મટીને બીજી (અકર્મરૂપ) અવસ્થા થઈ તે ઉત્પાદ–વ્યય પુદ્ગલના છે, તે પુદ્ગલનું સત્ છે; જીવની સત્તામાં તે નથી એટલે તેનો કર્તા પણ જીવ નથી. કેમકે જેના અસ્તિત્વમાં જે હોય તે તેને કરે.

અહા, જગતના બધા પદાર્થો એક સમયમાં ઉત્પાદ–વ્યય–ધ્રુવતા એવા ત્રણ સ્વરૂપ છે. એક સમયમાં ત્રણને જાણે તે ત્રણકાળને જાણે. સત્ કેવું છે તેની જગતને ખબર નથી. ભગવાનની વાણીએ આવું સત્ પ્રસિદ્ધ કર્યું એ તેમની સર્વજ્ઞતાની નિશાની છે.

શરીરની, વચનની, કર્મની જેટલી ક્રિયાઓ છે તે બધી પુદ્ગલના ઉત્પાદ–વ્યય –ધ્રુવમાં છે, એટલે પુદ્ગલના અસ્તિત્વમાં તે થાય છે; જીવમાં નહીં; પુદ્ગલો ઉત્પાદ –વ્યયરૂપ થઈને તે ક્રિયાને કરે છે, જીવ તેને કરતો નથી. જીવનું અસ્તિત્વ પોતાના ઉત્પાદ–વ્યય–ધ્રુવમાં છે.

અહો, પદાર્થનું આવું સત્ સ્વરૂપ, તે જાણતાં સમ્યગ્જ્ઞાનની પ્રસિદ્ધિ થાય છે, મિથ્યાબુદ્ધિ છૂટીને વીતરાગતા થાય છે. સમ્યગ્જ્ઞાનની પ્રસિદ્ધિ અને વીતરાગતા તે આ શાસ્ત્રનું તાત્પર્ય છે. વસ્તુના સત્ સ્વરૂપને જાણ્યા વગર સમ્યગ્જ્ઞાન કે વીતરાગતા થાય નહીં.

સત્ વસ્તુ પોતે જ ઉત્પાદ–વ્યય–ધ્રુવરૂપ છે. તો બીજો તેમાં શું કરે? પોતાના ઉત્પાદ–વ્યય–ધ્રુવથી બહાર કોઈ વસ્તુનું અસ્તિત્વ હોતું નથી, એટલે પરમાં તે શું કરે? અહો, વસ્તુનું અસ્તિત્વ જાણે તો સ્વ–પરની તદ્ન ભિન્નતારૂપ ભેદજ્ઞાન થાય, એટલે સમ્યગ્જ્ઞાનની પ્રસિદ્ધિ થાય. આવા ભેદજ્ઞાન વડે જ રાગ–દ્વેષ–મોહને હણીને વીતરાગતા થાય છે.

આ ગાથા દ્વારા સંતોએ સ્વાધીન સત્તાને પ્રસિદ્ધ કરી છે.

ઉત્પાદ–વ્યય–ધ્રુવરૂપ વસ્તુસ્વરૂપના જે કાયદા છે તે કોઈથી તોડી શકાતા નથી. વસ્તુ સ્વરૂપની જે સત્તા, તેના અબાધિત નિયમોને કોઈ તોડી શકે નહીં. જેમ જીવના અસ્તિત્વને ફેરવીને તેને કોઈ અજીવ બનાવી શકતું નથી, તેમ જીવની જે ઉત્પાદ–વ્યય –ધ્રુવરૂપ સત્તા તેમાં બીજાની દખલગીરી ચાલતી નથી. સિદ્ધ હો કે સાધક હો, કેવળજ્ઞાની હો કે અજ્ઞાની હો, જીવ હો કે જડ હો, તે દરેકનું ઉત્પાદ–વ્યય–ધ્રુવપણે હોવાપણું પોતાથી જ છે, પોતાની જ સત્તાથી પદાર્થો તેવા છે. જગતમાં એવી કોઈ સત્–વસ્તુ નથી કે જે ઉત્પાદ–વ્યય–ધ્રુવતા વગરની હોય. ત્રેવડી એટલે કે ઉત્પાદ–વ્યય–ધ્રુવરૂપ ત્રિલક્ષણવાળી જ સત્ વસ્તુ છે.

* બધી વસ્તુઓ આવી ઉત્પાદ–વ્યય–ધ્રુવરૂપ સત્ છે. ( અર્થસમય )

‘સત્’ એમ કહેતાં તેમાં બધા પદાર્થો આવી જાય છે. ( શબ્દસમય )

અને ‘સત્’ એવા જ્ઞાનમાં સર્વ પદાર્થોનું જ્ઞાન આવી જાય છે. ( જ્ઞાનસમય )

–આમ પદાર્થનું સ્વરૂપ, તેને કહેનારી વાણી, અને તેને જાણનારું જ્ઞાન, એ રીતે અર્થસમય–શબ્દસમય–જ્ઞાનસમય એ ત્રણેનો મેળ છે. આવું સ્વરૂપ જાણતાં સમ્યગ્જ્ઞાન અને વીતરાગતા થાય તે ધર્મ છે, તે મોક્ષમાર્ગ છે.

જગતમાં સર્વજ્ઞદેવે જોયેલા પદાર્થોના સત્ સ્વરૂપનું આ કથન છે. જીવ–પુદ્ગલ વગેરે છ પ્રકારની વસ્તુઓ છે; તે વસ્તુઓ ભૂત–વર્તમાન અને ભાવિ પોતપોતાની પર્યાયોરૂપે પરિણમતી હોવા છતાં અનિત્ય નથી, કેમકે પોતપોતાના નિશ્ચિત સ્વરૂપને તે કદી છોડતી નથી તેથી નિત્ય છે. આમ નિત્ય–અનિત્ય સ્વરૂપ જે વસ્તુ છે તે સત્ છે; તેને જ ઉત્પાદ–વ્યય–ધ્રુવપણું છે, અને તે ગુણપર્યાયવાન છે. આવા વસ્તુસ્વરૂપનું આ વર્ણન છે.

અનંત દ્રવ્યો જગતમાં એકસાથે રહેલાં હોવાં છતાં પોતપોતાના નિશ્ચિત સ્વરૂપને કોઈ છોડતું નથી, એટલે અનેક દ્રવ્યો કદી એકપણું પામતા નથી. ચેતનમય જીવ અને અચેતન એવાં કર્મ તેમને વ્યવહારથી એકપણું હોવા

છતા બંનેનું સ્વરૂપ જુદું જ છે. એકબીજાનાં સ્વરૂપને કોઈ ગ્રહતાં નથી એટલે બંને જુદાં જ છે; બંનેનું અસ્તિત્વ જુદું જ છે. જીવના ઉત્પાદ–વ્યય–ધ્રુવ જીવમાં છે, ને પુદ્ગલના ઉત્પાદ–વ્યય–ધ્રુવ પુદ્ગલમાં છે. બંનેનું અસ્તિત્વ જુદું પોતપોતાના સ્વરૂપમાં જ છે. એકના ઉત્પાદ–વ્યય–ધ્રુવ બીજાનાં કારણે નથી. આવું વસ્તુસ્વરૂપ જાણે તો પરથી ભિન્ન પોતાની સ્વ–સત્તા સામે નજર કરતાં ભેદજ્ઞાન અને વીતરાગતા થાય. તેનું નામ ધર્મ છે.

વસ્તુનું અસ્તિત્વ કહો કે વસ્તુની સત્તા કહો, કે ગુણ–પર્યાય કહો, અથવા ઉત્પાદ–વ્યય ને ધ્રુવ કહો, એ બધું જુદું નથી. પણ એક જ છે. વસ્તુના ‘સત્’ માં બધું સમાય છે.

જગતના બધા પદાર્થો ત્રિલક્ષણવાળાં છે એટલે કે ઉત્પાદ–વ્યય ને ધ્રુવ એવા સ્વભાવ સહિત વર્તે છે. ક્ષણેક્ષણે નવી પર્યાયનો ઉત્પાદ થવો તે વસ્તુનો સ્વભાવ જ છે, તો બીજો તે ઉત્પાદમાં શું કરે ?

સામાન્યપણે ‘સત્’ એમ કહેતાં જગતના બધા પદાર્થો તેમાં આવી જાય છે, કેમકે બધું સત્ છે. પણ જ્યારે વિશેષ ભેદ પાડીને તેમને ભિન્ન–ભિન્ન સ્વરૂપે (એટલે કે અવાંતર સત્તારૂપે) જોવામાં આવે ત્યારે દરેકનું સ્વરૂપ જુદું જુદું છે. જીવનું અસ્તિત્વ સદા જીવરૂપ છે, અને પુદ્ગલનું અસ્તિત્વ સદા પુદ્ગલરૂપ છે. એમ દરેક પદાર્થ પોતપોતાના સ્વરૂપ–અસ્તિત્વપણે સત્ છે; ને બીજારૂપે તે અસત્ છે.

હવે વસ્તુના આખા સત્‌ને જુઓ તો તે એક સાથે ઉત્પાદ–વ્યય–ધ્રુવ એવા ત્રણ લક્ષણવાળું ‘ત્રિલક્ષણ’ છે. પણ તેમાં એક ઉત્પાદને જુઓ તો તે ઉત્પાદલક્ષણવાળો જ છે, ઉત્પાદરૂપ જે ભાવ છે તે પોતે વ્યય કે ધ્રુવરૂપ નથી, તેથી તે ઉત્પાદને ત્રિલક્ષણપણું નથી, તેને તો એક ઉત્પાદલક્ષણપણું જ છે. એ જ રીતે વ્યયનું લક્ષણ વ્યય છે, ને ધ્રુવનું લક્ષણ ધ્રુવતા છે; આ રીતે વસ્તુના ઊપજતા ભાવનું, વિણશતા ભાવનું અને ટકતા ભાવનું, દરેકનું જુદું જુદું એક લક્ષણ છે; ને ઉત્પાદ–વ્યય–ધ્રુવરૂપ આખી સત્‌વસ્તુને ત્રિલક્ષણપણું છે.

સ્વસત્તા ને પરસત્તા દરેકના ઉત્પાદ–વ્યય–ધ્રુવ પોતપોતાના અસ્તિત્વમાં છે. શરીરના પુદ્ગલના કે બીજા જીવના ઉત્પાદ–વ્યય–ધ્રુવ મેં કર્યા એમ જે

માને છે તેણે વસ્તુને સત્ જાણી નથી, વસ્તુ પોતે ઉત્પાદ–વ્યય–ધ્રુવસ્વરૂપ છે એમ તેણે જાણ્યું નથી. જ્યાં વસ્તુ પોતે ઉત્પાદ–વ્યય–ધ્રુવરૂપ છે ત્યાં તેનો કોઈ અંશ બીજો આપે, કે બીજાને લીધે થાય–એ વાત રહેતી નથી. વસ્તુને સત્ જ ત્યારે કહેવાય કે જ્યારે તે પોતે ઉત્પાદ–વ્યય–ધ્રુવસ્વરૂપ હોય.

આ જીવમાં દયાના શુભરાગનો ઉત્પાદ થયો માટે સામા જીવમાં બચવાની ક્રિયા થઈ–એમ માને તેને સ્વ–પરના સ્વતંત્ર અસ્તિત્વની ખબર નથી. બીજો જીવ બચ્યો તે તેનો ઉત્પાદ છે, ને આ જીવને શુભરાગ થયો તે આનો ઉત્પાદ છે; પોતપોતાની ઉત્પાદપર્યાયમાં દરેકનું અસ્તિત્વ છે. આવા ભિન્ન અસ્તિત્વ ઉપરાંત, રાગથી પણ પોતાના જ્ઞાયકભાવનું ભિન્નપણું ધર્મીજીવ જાણે છે. જ્ઞાયકસ્વભાવમાત્ર ભાવ હું છું એમ ધર્મી અનુભવે છે.

શ્રુતજ્ઞાનપર્યાયનો વ્યય થઈને કેવળજ્ઞાનપર્યાયનો ઉત્પાદ થાય ને જ્ઞાનપણે ધ્રુવતા રહે–એવું જ્ઞાનનું પોતાનું સામર્થ્ય છે. તે ઉત્પાદ કોઈ બીજાના કારણે થતો નથી. સત્ની અવસ્થાની ઉત્પત્તિ પરને લઈને માને તે સત્નો નાશ (સત્તાનાશ –સત્યાનાશ) કરે છે. સત્તા પોતે ઉત્પાદ–વ્યય–ધ્રુવવાળી છે, તેનો એક્કેય અંશ પરને લીધે માનતાં તે માન્યતામાં સત્નો નાશ થાય છે, એટલે કે માન્યતામાં મિથ્યાત્વ થાય છે. આ મિથ્યાત્વ તે મોટો દોષ છે, પણ જગતને તે દોષની ખબર નથી, ને તેને ટાળ્યાં પહેલાં બીજા અવ્રતાદિ દોષ ટાળવા મથે છે. પણ મિથ્યાત્વ ટળ્યા વગર બીજા દોષ કદી ટળે નહીં, અને સત્નું યથાર્થ સ્વરૂપ જાણ્યા વગર મિથ્યાત્વ ટળે નહીં. સત્ની સમજણ તે મૂળધર્મ છે.

વિશ્વમાં જેટલા સત્ છે તે બધાને જાણવાની તાકાતવાળું જ્ઞાન છે; આવા જ્ઞાનસ્વભાવની પ્રસિદ્ધિ અર્થે આ પંચાસ્તિકાયનું વર્ણન છે. અનંત સત્ પદાર્થો છે, તો તેને જાણવાની તાકાતવાળું જ્ઞાન પણ સત્ છે. જ્ઞાનની પ્રતીતપૂર્વક પદાર્થોનું યથાર્થ જ્ઞાન થાય છે. એટલે જ્ઞાનની પ્રસિદ્ધિ તે શાસ્ત્રનું તાત્પર્ય છે. આ સમયવ્યાખ્યા (એટલે કે શાસ્ત્રની ટીકા) સમ્યગ્જ્ઞાનરૂપી નિર્મળ જ્યોતિની જનની છે;–આમાં કહેલું વસ્તુસ્વરૂપ ઓળખતાં સમ્યગ્જ્ઞાનરૂપી જ્યોત પ્રગટે છે–એમ ત્રીજા કળશમાં આચાર્યદેવે કહ્યું છે. ભગવાનની દિવ્યવાણીમાં શુદ્ધ આત્માની ઉપલબ્ધિનો માર્ગ કહ્યો છે; તેથી તે

વાણી હિતકર છે અને પરમાર્થરસિક જીવોના મનને હરનારી છે, મધુર છે. તે વાણીમાં બતાવેલ વસ્તુસ્વરૂપનું આ વર્ણન છે.

ઉત્પાદ–વ્યય–ધ્રુવ એવા ત્રણ લક્ષણરૂપ સત્પણું દરેક વસ્તુમાં છે; સિદ્ધમાં પણ ત્રણ લક્ષણ છે ને એક પરમાણુમાં પણ ત્રણલક્ષણપણું છે, ઉત્પાદ–વ્યય–ધ્રુવ વગરનું કોઈ દ્રવ્ય હોય નહીં. બધા પદાર્થો સત્ છે–એની પ્રતીત કરવી તે જ્ઞાનનું કામ છે. જગતમાં છદ્રવ્યો છે.–તે એમ જાહેર કરે છે કે જ્ઞાનનું એવડું સામર્થ્ય છે કે છદ્રવ્યોના અસ્તિત્વને જાણે.–આ રીતે સત્ને જાણતાં જ્ઞાનની પ્રસિદ્ધિ થાય છે. છદ્રવ્યોને જે નથી માનતા તેઓને જ્ઞાનનું બેહદ સામર્થ્ય કેટલું છે તેની જ ખબર નથી. 'અહીં જ્ઞાનસમયની પ્રસિદ્ધિ અર્થે શબ્દસમયના સંબંધથી અર્થસમય કહેવાનો ઈરાદો છે'–એમ ત્રીજી ગાથામાં આચાર્યદેવે કહ્યું છે.

* * * * *

સત્તારૂપ વસ્તુને જેમ સત્પણું છે, તેમ અસત્પણું પણ છે; એ રીતે સત્તા તે પ્રતિપક્ષસહિત છે. સ્વચતુષ્ટયપણે જે સત્ છે, પરચતુષ્ટયપણે તે જ અસત્ છે. એમ વસ્તુમાં સત્પણું ને અસત્પણું બંને એકસાથે છે. સત્ના જેટલા અવાંતર ભેદો છે તેઓ પણ પોતપોતાના સ્વરૂપથી સત્ છે. એક અંશ તે આખા સત્રૂપ નથી, તેથી તે અપેક્ષાએ તેને અસત્પણું છે.

વસ્તુની સત્તામાં ત્રિલક્ષણપણું તેમજ અત્રિલક્ષણપણું બંને એક સાથે છે. આખા સત્ અપેક્ષાએ તે એકસાથે ઉત્પાદ–વ્યય–ધ્રુવરૂપે હોવાથી તેને ત્રિલક્ષણપણું છે; અને ઉત્પાદને, વ્યયને તથા ધ્રુવને દરેકને પોતપોતાનું એક જ લક્ષણ હોવાથી ત્રિલક્ષણપણું નથી, તેથી 'અત્રિલક્ષણપણું' છે.

સામાન્ય સત્માં સર્વ પદાર્થો આવી જાય છે, તેથી મહાસત્તા તરીકે સત્તા એક છે; ને દરેક પદાર્થની સ્વરૂપસત્તા ભિન્નભિન્ન છે, માટે સત્તાને અનેકપણું પણ છે. આ રીતે સત્તામાં એકપણું તેમજ અનેકપણું બંને સમાય છે. અથવા વસ્તુપણે એક અને ગુણ–પર્યાયપણે અનેક–એમ દરેક સત્વસ્તુમાં એક–અનેકપણું રહેલું છે.

સામાન્યપણે જે સત્તા સર્વપદાર્થમાં સ્થિત છે, તે જ સત્તાને અવાંતરસત્તા તરીકે એક પદાર્થમાં સ્થિતપણું છે; 'બધું છે' એમ બધું સત્ હોવા છતાં, તેમાં જીવની સત્તા પોતાના જીવ સ્વરૂપમાં જ છે, અજીવની સત્તા અજીવમાં જ છે. એ રીતે સત્તા એક પદાર્થસ્થિત છે.

મહાસત્તા વિશ્વરૂપ છે ને અવાંતરસત્તા એકએક પદાર્થરૂપ છે,–એમ તેમને પ્રતિપક્ષપણું છે.

મહાસત્તા અનંતપર્યાયમય છે અને અવાંતરસત્તા એકપર્યાયમય છે. અનંતપર્યાયમયપણું ને એકપર્યાયમયપણું બંને પ્રતિપક્ષ હોવા છતાં સત્તામાં તે બંને રહેલાં છે. આમ સત્તાનું દ્વિવિધ સ્વરૂપ છે.

અનંત પદાર્થોની સત્તા જગતમાં છે, પણ તેનો સ્વીકાર સ્વસત્તાની સન્મુખ થઈને થાય છે. અનંત પદાર્થો સામે જોઈને જ્ઞાન તેને નથી જાણતું પણ સ્વસત્તાની સન્મુખ થયેલું જ્ઞાન સર્વ પદાર્થની સત્તાને જાણે છે. જગતમાં બધા પદાર્થો સત્ છે માટે અહીં કેવળજ્ઞાન સત્ છે–એમ નથી; કેવળજ્ઞાનનું સત્પણું પોતાથી છે; પદાર્થોનું સત્પણું તેમનાથી છે. કોઈનું સત્પણું બીજાના કારણે નથી. પરનું હોવાપણું તારે લઈને નથી કે તું તેને ટકાવ. તારું હોવાપણું તારામાં, પરનું હોવાપણું પરમાં. હવે એક વસ્તુના સત્ના જે પેટાભેદ (ગુણ–પર્યાયો કે ઉત્પાદ–વ્યય–ધ્રુવ) તેમાં પણ દરેક ભેદનું સત્પણું પોતાપણે છે. જ્ઞાનપર્યાય જ્ઞાનપર્યાયપણે સત્ છે, દર્શનપર્યાય દર્શનપર્યાયપણે સત્ છે, પણ જ્ઞાનની સત્તા તે જ દર્શનની સત્તા નથી. એક ગુણની અનંતપર્યાયોમાં પણ દરેક પર્યાય પોતપોતાના સ્વરૂપે સત્ છે. એક પર્યાયના સત્ને કારણે બીજી પર્યાયનું સત્ નથી. આખી વસ્તુના સત્પણામાં બધા ગુણ–પર્યાયો સમાઈ જાય છે. તથા ઉત્પાદ–વ્યય–ધ્રુવ પણ તેમાં સમાઈ જાય છે. જુઓ, આવા સત્ને જાણવાની આત્માની તાકાત છે. આત્મા જ્ઞાનનો મોટો ભંડાર છે, તેમાં બધુંય જાણવાની તાકાત છે. ગમે તેટલું જાણે પણ જ્ઞાનનો ભંડાર કદી ખૂટે તેવો નથી. અહો, વીતરાગમાર્ગની આવી શૈલી, સર્વજ્ઞના કેડાયતી દિગંબર સંતોએ ટકાવી રાખી છે.

# વસ્તુની સ્વાધીન સત્તાની પ્રસિદ્ધિ

## પંચાસ્તિકાય ગાથા. ૮નાં પ્રવચનો

## ( ચાલુ )

******

અનંતા સિદ્ધ ભગવંતો, અનંતા પરમાણુઓ, અનંત જીવો–તે બધાના દ્રવ્ય–ગુણ–પર્યાયને જાણવાના સામર્થ્યવાળી એક કેવળજ્ઞાનપર્યાય ઉત્પન્ન થાય છે, તે પર્યાયના ઉત્પાદનું તો ઉત્પાદ એક જ લક્ષણ છે; ધ્રુવ છે માટે ઉત્પાદ છે, કે વ્યય છે માટે તે ઉત્પાદ છે–એમ નથી. પરના ઉત્પાદ–વ્યય–ધ્રુવ તો આ પર્યાયમાં નથી, પણ પોતામાં જે ઉત્પાદ છે, તે વ્યય કે ધ્રુવને લઇને નથી. ઉત્પાદનું લક્ષણ ઉત્પાદ જ છે, વ્યયનું લક્ષણ વ્યય છે, ધ્રુવનું લક્ષણ ધ્રુવતા છે; એમ તેમને દરેકને એકલક્ષણપણું છે. આખું જે સત્ તે એક સાથે ઉત્પાદ–વ્યય–ધ્રુવ એવા ત્રિલક્ષણવાળું છે.

આત્માનો ધ્રુવસ્વભાવ અનંત ગુણનો સાગર, ને તેની એક પર્યાયમાં અનંતા કેવળીને જાણી લેવાની તાકાત, તે જ્ઞાનનો ગંભીર સમુદ્ર, મોટો પરમેશ્વર છે. આવા કેવળજ્ઞાનનો ઉત્પાદ પોતાના કારણે છે. સમવસરણમાં પ્રભુ બિરાજે છે, જ્ઞાનીનું લક્ષ ત્યાં ગયું ને પ્રભુનું જ્ઞાન થયું, ત્યાં તે જ્ઞાનનો ઉત્પાદ પોતામાં છે ને પ્રભુનો ઉત્પાદ પ્રભુમાં છે. અરે, આવો જ્ઞાનનો મહાન દરિયો, તે રાગનો કરનાર હોય નહીં. એટલે રાગ છે માટે જ્ઞાનનો ઉત્પાદ થાય છે એમ પણ નથી. આવા સ્વતંત્ર વસ્તુસ્વભાવને ઓળખે ત્યાં રાગની કર્તૃત્વબુદ્ધિ પણ રહે નહીં; ને પરનો તો પોતામાં અભાવ છે જ.

ઉત્પાદ–વ્યય–ધ્રુવસ્વરૂપ જે ત્રિલક્ષણી વસ્તુ, તેમાં ધ્રુવમાં અનંતગુણો સમાય છે. ધ્રુવને મહાસત્તા ગણીને તેમાં પેટા ભેદ ( અવાંતર સત્તા ) જુઓ તો અનંતગુણની સત્તા છે. મોટો ગુણનો દરિયો, તેમાં અનંતગુણની ધ્રુવતા, તે ધ્રુવને કારણે છે, તેમાં સમયેસમયે પર્યાયનો ઉત્પાદ તે ઉત્પાદને કારણે છે, વ્યય તે વ્યયને કારણે છે. આ બધા પદાર્થરૂપ વિશ્વને જાણવાની જ્ઞાનની તાકાત છે. અરે, આવા જ્ઞાનને રાગનું કામ સોંપવું તે વિપરીત છે.

સાધકને જ્ઞાનનો અને રાગનો ઉત્પાદ એક સમયે થતો હોવા છતાં, આ રાગ છે તો જ્ઞાન છે એમ નથી, કે જ્ઞાને રાગને ઉત્પન્ન કર્યો છે એમ પણ નથી. અહો, અલૌકિક ગંભીર વસ્તુસ્વરૂપ છે. આવા દ્રવ્યાનુયોગનો સૂક્ષ્મ અભ્યાસ કરવો એમ શ્રીમદ્

રાજચંદ્રજીએ કહ્યું છે. સદૈવ સૂક્ષ્મ બોધનો અભિલાષી હોય તે જીવ મહાવીરના બોધને પાત્ર છે. અરે, આવા વસ્તુસ્વભાવનો અનાદર કરીને બીજાું ગમે તે કરે ને ધર્મ માની લ્યે–પણ તેને ધર્મ થાય નહીં. સત્તાની મહાન ખાણ, અસ્તિકાયનું સ્વરૂપ તેનું આ વર્ણન છે. ઉત્પાદ તે ધ્રુવને દેખે છે ભલે, પણ ઉત્પાદ પોતે ધ્રુવ નથી; ધ્રુવનું લક્ષણ ધ્રુવ છે ને ઉત્પાદનું લક્ષણ ઉત્પાદ છે. 'સત્' પરમેશ્વર આત્મા તેમાં આ બધું સમાય છે. અરે ભાઈ, તારા ચૈતન્યનિધાનમાં નજર તો કર.

ઉત્પાદ–વ્યય–ધ્રુવતા તે વસ્તુની સ્વતંત્રતાને જાહેર કરે છે. અગ્નિના ઉત્પાદ–વ્યય –ધ્રુવ અગ્નિમાં છે, પાણીના ઉત્પાદ–વ્યય–ધ્રુવ પાણીમાં છે. અગ્નિના કારણે પાણીમાં ઉષ્ણ અવસ્થાનો ઉત્પાદ થયો એમ નથી. તે પરમાણુઓમાં જ ઉષ્ણ ગુણનો તેવો ઉત્પાદ પોતાના કારણે છે. સ્પર્શગુણ ધ્રુવ છે, તે ધ્રુવના કારણેય ઉત્પાદ નથી; ઉત્પાદનું લક્ષણ ઉત્પાદ જ છે. આવા વસ્તુસ્વરૂપના જ્ઞાનમાં એકલી વીતરાગતા ઘૂંટાય છે. આવા સત્ના જ્ઞાનવડે જ ધર્મની શરૂઆત થાય છે. આવા જ્ઞાન પછી સ્વરૂપમાં ચરવું તે ચારિત્ર છે. ચૈતન્યહંસ રાગના ચારા ન ચરે, એ તો વીતરાગી આનંદરૂપી મોતીનાં ચારા ચરનારો છે. આવો ચૈતન્ય–મહાપ્રભુ તે રાગની સિફારસ વડે મળે એવો નથી. રાગના વિકલ્પને તો આંધળો કહ્યો છે–અચેતન કહ્યો છે, તેના વડે ચૈતન્યપ્રભુ અનુભવમાં કેમ આવે? આ તો વીતરાગનો માર્ગ છે.

છએ દ્રવ્યની સામાન્ય સત્તાને જોતાં 'બધું છે' એમ સત્તા એક છે; પણ તેમાં છએ દ્રવ્યની પૃથક્પૃથક્ સત્તાને જોતાં સત્તા અનેક છે; જીવ તે જીવ છે, પુદ્ગલ તે પુદ્ગલ છે, એમ જીવ સત્તા, પુદ્ગલ સત્તા વગેરે અનેક સત્તા છે.

મહાસત્તા એક સાથે બધા પદાર્થોને લક્ષિત કરે છે એટલે તેને સર્વ પદાર્થસ્થિત કહેવાય છે. અને અવાંતર સત્તા પ્રત્યે પદાર્થને ભિન્ન પાડીને લક્ષિત કરે છે તેથી તે એક પદાર્થસ્થિત છે. દરેક પદાર્થનું અસ્તિત્વ પોતપોતાના નિશ્ચિત એક સ્વરૂપમાં જ છે, એટલે અવાંતર સત્તાને એક પદાર્થસ્થિત કહેલ છે.

મહાસત્તામાં બધું સમાય છે એટલે તે સવિશ્વરૂપ છે અને અવાંતર સત્તા પોતપોતાના એકેક રૂપવાળી છે. એ રીતે સત્તાને વિશ્વરૂપપણું તેમજ એકરૂપપણું છે. વિશ્વરૂપ કહેતાં જડ ને ચેતન બધું એકમેક થઈ જાય છે એમ ન સમજવું. પણ જડ છે, ચેતન છે–એમ વિશ્વના બધા પદાર્થોને એક સાથે સત્પણે લક્ષમાં લેવા તે મહાસત્તા છે.

એક વસ્તુમાં અનંતગુણપર્યાયો છે, તે પ્રત્યેક પોતપોતાના નિશ્ચિત એક એક સ્વરૂપે છે. એવી અનંતી એકેક પર્યાયો થઈને મહાસત્તાને અનંત પર્યાયપણું છે. એક પર્યાય તે અવાંતર સત્તા છે. મહાસત્તા અનંત પર્યાયમય છે; ને અવાન્તર સત્તા એક પર્યાયમય છે.–એમ બે નય દ્વારા બંને પ્રકારે સત્તાને ઓળખાય છે, તેથી આ બધું કથન નિર્દોષ છે. આવું જ વસ્તુસ્વરૂપ છે.

વસ્તુનું અસ્તિત્વ પોતાને લઈને છે, પરને લઈને તેનું અસ્તિત્વ નથી, કે ઈશ્વર વગેરે તેના કર્તા નથી. સત્‌નું અસ્તિત્વ પોતાથી જ છે. સત્‌ની ઓળખાણ થાય તો સમ્યગ્દર્શન થઈ જાય.

'સત્' છે તેની આ પ્રરૂપણા છે. (સત્‌પદપ્રરૂપણા છે.) શું આ શરીર છે માટે અંદર આત્માનું અસ્તિત્વ છે? ના; શરીરનું અસ્તિત્વ શરીરમાં છે, આત્મામાં તેનું અસ્તિત્વ નથી; અને આત્માનું અસ્તિત્વ આત્મામાં છે, શરીરમાં તેનું અસ્તિત્વ નથી; આમ બંનેનું સ્વતંત્ર ભિન્ન ભિન્ન અસ્તિત્વ છે. એ જ પ્રમાણે, શું આ ઇન્દ્રિયો છે માટે જ્ઞાનનું અસ્તિત્વ છે? ના; જ્ઞાનનું અસ્તિત્વ આત્મામાં છે, ને ઇન્દ્રિયોનું અસ્તિત્વ જડમાં છે; કોઈમાં બીજાનું અસ્તિત્વ નથી, ને કોઈના કારણે બીજાનું અસ્તિત્વ નથી. સૌ પોતપોતાથી સત્ છે. અહો, કેટલી સ્વતંત્રતા! આવું સ્વતંત્ર અસ્તિત્વ સમજે તો, ઇન્દ્રિય વગર જ્ઞાન ન થાય–એવી બુદ્ધિ મટી જાય; એટલે સમ્યગ્જ્ઞાન થાય ને શાંતિ પ્રગટે.

## આત્મા જેનો સાચો-તેનું બધું સાચું

(ચંદ્રને શોધવા કરતાં આત્માને શોધ)

પૂ. શ્રી કહાનગુરુ વારંવાર કહે છે કે–ચંદ્ર વગેરે બાબતમાં વીતરાગ શાસ્ત્રોમાં જે કહ્યું છે તે યથાર્થ જ છે; આપણે તે મેળવી ન શકીએ તેથી વીતરાગ શાસ્ત્રોમાં શંકા ન કરાય. અને આત્માના સ્વરૂપ બાબતમાં વીતરાગ શાસ્ત્રોમાં જે પરમ સત્ય કથન છે તે તો આપણે પણ પોતાના સ્વાનુભવથી મેળવી શકીએ છીએ. અતીન્દ્રિય એવા ચૈતન્યસ્વભાવ બાબત જેમનું કથન પરમ સત્ય છે ને અનુભવમાં આવે એવું છે,–તો ચંદ્ર–સૂર્ય વગેરે બાબત પણ તેમનું કથન યથાર્થ જ છે. બાકી તે ચંદ્રની શોધ પાછળ પડવા કરતાં આત્માને શોધ ને! તેની તો અત્યારે પ્રાપ્તિ (અનુભવ) થઈ શકે છે.

# ચમક ચમક ચમકે... ચૈતન્યના ચમકાર

( સમયસાર કળશ ૧૫૭ થી ૧૬૦ )

આત્મા ચૈતન્ય–ચમત્કારરૂપ વસ્તુ છે. ચૈતન્યભાવમાં જડ નથી, ને રાગ પણ ચૈતન્યભાવમાં નથી. ચૈતન્યની ચમક રાગથી ને જડથી જુદી છે.

## ( ૧ ) ધર્મીનું વેદન

જે પોતે નથી, અને પોતામાં જે નથી, એવા પરદ્રવ્યોને કે ક્રોધાદિ પરભાવોને ધર્મી જીવ પોતારૂપે કેમ અનુભવે ? જેમાં પોતે વર્તે છે, અને જે પોતામાં છે એવી નિર્મળ જ્ઞાનદશારૂપે ધર્મી પોતાને વેદે છે.

## ( ૨ ) ધર્મી આનંદને જ વેદે છે

શરીર પર ધોકો પડે કે શરીર પર ચંદન ચોપડાય, તેનું વેદન જીવને નથી. અને રાગથી જુદો પડીને નિર્મળ પરિણતિમાં જે આવ્યો એવા ધર્મીને પોતાના જ્ઞાનઆનંદ સિવાય કોઈનું વેદન હોતું નથી. કેમકે આત્માના જ્ઞાનમાં બીજા કોઈ પરભાવનો પ્રવેશ જ નથી પછી તેનું વેદન જ્ઞાનમાં કેમ હોય ? આવું જે આનંદમય જ્ઞાનવેદન તેના વડે જ્ઞાની ઓળખાય છે.

## ( ૩ ) સામાન્ય–વિશેષની એકતારૂપ શુદ્ધતા

જેવું શુદ્ધ સામાન્ય ધ્રુવ છે તેના તરફ વળીને એકાગ્ર થતાં પર્યાયમાં પણ તેવો જ શુદ્ધ થઈને આત્મા પરિણમ્યો,–આવી સામાન્ય વિશેષની એકતારૂપ શુદ્ધતામાં વચ્ચે અશુદ્ધતા ક્યાંથી આવે ? અને સામાન્યમાં એકાગ્ર થયેલી તે શુદ્ધ પર્યાય, અશુદ્ધભાવોને કેમ કરે ? કે તેને કેમ વેદે ? અશુદ્ધતાથી તો તેને અત્યંત ભિન્નતા છે. શુદ્ધસ્વભાવ તરફ વળેલી તે પર્યાયમાં અશુદ્ધતાનો અભાવ છે. પોતામાં જેનો અભાવ છે તેને તે કઈ રીતે કરે કે ભોગવે ?

## ( ૪ ) સૂર્યમાં અંધારું નહીં તેમ ચૈતન્યપ્રકાશમાં રાગ નહીં

અજ્ઞાની રાગને અને જડની ક્રિયાને પોતાના જ્ઞાનસ્વરૂપમાં પ્રવેશ કરાવવા માંગે છે, એટલે તેને તે પોતાનું કાર્ય માને છે, તથા તેનાથી પોતાને જ્ઞાનનો લાભ થવાનું માને છે. પણ દ્રવ્યથી ને પર્યાયથી સહજ જ્ઞાનસ્વરૂપ આત્મા, તેમાં રાગનો કે જડનો

પ્રવેશ જ નથી, પછી તે કાર્ય પોતાનું કેમ હોય? પોતાનું કાર્ય તો જ્ઞાનરૂપ છે. સૂર્યનું કાર્ય અંધારું ન હોય, સૂર્યનું કાર્ય તો પ્રકાશ હોય; તેમ ચૈતન્યસૂર્ય આત્મા, તે જડને કે રાગરૂપી અંધકારને કરતો નથી, તે તો ચમકતા ચૈતન્યપ્રકાશરૂપ કાર્યને જ કરે છે.

### ( ૫ ) ગુપ્ત ચૈતન્યઘરમાં રાગનો કે જડનો પ્રવેશ નથી

શરીરમાં રોગ થાય–વેદના થાય, પણ મારા ચૈતન્યમાં એનું અસ્તિત્વ ક્યાં છે? મારામાં તેનો પ્રવેશ નથી પછી મને તેનો ભય કેવો? એક સિંહ કે વાઘ બહાર જ હોય, ને મજબુત ઘરમાં તે પ્રવેશી શકતો જ ન હોય પછી તેનો ભય શેનો? તેમ ધર્મી જીવ નિર્ભયપણે પોતાના ચૈતન્યઘરમાં બેઠા છે; તે મજબુત ચૈતન્યઘર કોઈથી હણી શકાતું નથી, ને તેમાં કોઈ બીજાનો ( રાગનો કે જડનો ) પ્રવેશ થઈ શકતો નથી; પછી ધર્મીને કોનો ભય? તે તો નિર્ભયપણે નિઃશંકપણે જ્ઞાનરૂપે જ પોતાને જાણે છે–અનુભવે છે. જ્ઞાનપણે હું સદાય સત્ છું. મારા જ્ઞાનના વેદનમાં જ આનંદ છે, પ્રભુતા છે, મહિમા છે; તે સ્વયં રક્ષિત છે, બીજા કોઈ રક્ષકની એને જરૂર નથી.

* * * * *

卐 ( કા. સુદ ૧૨ ભાઈશ્રી હિંમતલાલ હરગોવિંદદાસના મકાનના વાસ્તુ પ્રસંગે ) 卐

### ( ૬ ) આત્માનું જીવન ચૈતન્યથી છે, શરીરથી આત્મા જીવતો નથી

ભગવાન આત્મા અતીન્દ્રિય મહાન પદાર્થ છે; તે ચૈતન્યપ્રાણથી શાશ્વત જીવનારો છે. જેણે પોતાનું આવું અસ્તિત્વ સ્વીકાર્યું તેને જડ ઇન્દ્રિય વગેરે પ્રાણો સાથે એકતાબુદ્ધિ રહેતી નથી કેમકે તે જડ પ્રાણ કાંઈ આત્માના જીવનનું કારણ નથી. શરીરાદિ જડ પ્રાણ તો આત્માથી જુદા છે ને જુદા પડી જાય છે. આત્મા જો તેનાથી જીવતો હોય તો આત્માથી તે જુદાં કેમ પડે? તેના હોવાપણે કાંઈ આત્માનું હોવાપણું નથી. આત્માનું હોવાપણું પોતાના ચૈતન્યપ્રાણથી જ છે. આવા ચૈતન્યજીવનને જેણે જાણ્યું તે સમ્યગ્દષ્ટિને મરણનો ભય કેમ હોય? મરણ જ મારું નથી પછી મરણનો ભય કેવો? આમ ધર્મી જીવ મરણના ભયથી રહિત, નિઃશંક અને નિર્ભય વર્તે છે. જગતને મરણ તણી બીક છે–પણ જ્ઞાનીને તો આનંદની લહેર જો. કેમકે પહેલેથી જ પોતાને દેહથી જુદો જ જાણ્યો છે.

### ( ૭ ) આનંદમય સ્વઘરમાં આત્માનો વાસ

આત્માના સ્વઘરમાં જડનો ( ઇન્દ્રિય વગેરેનો ) વાસ નથી ને જડના ઘરમાં આત્માનો વાસ નથી; શરીર તો જડનું ઘર છે, તેમાં આત્માનો વાસ નથી. આત્માના અસંખ્યપ્રદેશી સ્વઘરમાં જ્ઞાન ને આનંદનો વાસ છે. જ્ઞાન–આનંદથી ભરેલા અસંખ્યપ્રદેશપણે આત્માનું હોવાપણું છે. આત્માનું હોવાપણું રાગપણે કે જડપણે નથી. આવા પોતાના જીવતરને, એટલે કે આવા અસ્તિત્વને, ધર્મી જાણે છે, એટલે તે સ્વઘરમાં જ વસે છે. જીવે પોતાના આવા સ્વઘરને કદી જાણ્યું નથી.

### ( ૮ ) ચૈતન્યની એકતામાં બીજાનો પ્રવેશ નથી

ચૈતન્યભાવમાં આત્મા એવો અચલ છે કે શરીરાદિ જગતના પદાર્થોના પલટી જવાથી તેનામાં ક્ષોભ થતો નથી; તે તો અક્ષોભપણે સદા પોતાના ચૈતન્યસ્વરૂપમાં જ રહ્યો છે. આવા આત્માને અનુભવમાં લીધો ત્યાં ધર્મી જીવને ક્ષોભનો અભાવ છે. ક્ષોભ ચૈતન્યમાં કેવો ? સંયોગના ફેરફારે ચૈતન્ય કાંઈ અન્યથા થઈ જતું નથી. તેણે તો પોતાના અવિનાશી ચૈતન્યપદ સાથે એવી સંધી કરી છે કે કદી જુદી ન પડે. અનાદિ–અનંત ચૈતન્યભાવ સાથે જે એકતા કરી તે કદી છૂટતી નથી; તેમાં ચૈતન્ય સિવાય બીજાું કોઈ આવી જતું નથી કે જે ક્ષોભ ઉપજાવે.

### ( ૯ ) જ્ઞાન–આનંદથી આત્મા જુદો નથી

જે છૂટું છે તે છૂટું પડતું દેખાય છે. પણ આત્માનું જ્ઞાન કદી જુદું પડે ? આનંદ કદી જુદો પડે ? ના; આત્મા એકકોર રહી જાય ને તેના જ્ઞાન–આનંદ બીજે ચાલ્યા જાય–એમ બનતું નથી; કેમકે જ્ઞાન ને આનંદ આત્માથી જુદા નથી, આત્મા પોતે જ્ઞાન–આનંદસ્વરૂપ છે. આવા સ્વરૂપનો અનુભવ જેણે કર્યો તેણે આનંદમય સ્વઘરમાં વાસ્તુ કર્યું. સાદિ–અનંતકાળ પોતાના નિજઘરમાં આનંદથી તે રહેશે.

### ( ૧૦ ) પરિણતિ આનંદથી દોડતી દોડતી સ્વઘરમાં આવે છે

પત્થરના મકાન, લક્ષ્મી કે શરીર એ કાંઈ આત્મા સાથે સદાય નથી રહેતા. આજ હોય ને કાલ ન હોય–એમ ક્ષણમાં જુદા થતા દેખાય છે,–તે એક ક્ષણ પણ આત્મા સાથે એકપણે રહ્યા નથી. અત્યારે પણ શરીર–લક્ષ્મી એ બધા જડપણે રહ્યા છે, આત્માપણે નથી રહ્યા; આત્માથી જુદાપણે જ રહ્યા છે. જુદાને જુદા જાણે

તો સાચું જ્ઞાન થાય; જુદાને એક માનીને રાખવા મથે તો અજ્ઞાનથી જીવ દુઃખી થાય; પણ કાંઇ જડ પદાર્થ એનાં થઈને રહે નહીં. જુદાં છે તે ત્રણેકાળ જુદા છે, કદી એક થતાં નથી. ભાઈ, જડથી જુદા તારા ચેતનમય નિજઘરને જો...ને તેમાં વસ. પોતાના ઘરમાં આવવું મોંઘું કેમ હોય? ઢોર પણ ખેતરમાં કામ કરીને સાંજે થાકયા પાકયા ઘરે આવે ત્યારે હોંશથી દોડતા આવે છે; તો અનાદિથી પરભાવમાં રખડી રખડીને દુઃખી થયેલો થાકેલો આત્મા ભેદજ્ઞાન કરીને જ્યારે ચૈતન્યમય નિજઘરમાં આવે છે ત્યારે તેની પરિણતિ આનંદથી દોડતી દોડતી સ્વઘરમાં આવે છે. આવું જ્ઞાન–આનંદમય સ્વઘર બતાવીને સંતો તેમાં વાસ્તુ કરાવે છે.

## પરીક્ષા કરો-સાચું છે કે ખોટું ?

૧. એક સમ્યગ્દૃષ્ટિ જીવ મરીને જ્યોતિષીદેવનો ઇંદ્ર થયો.

૨. એક સમ્યગ્દૃષ્ટિ જીવ મરીને બીજી નરકમાં ગયો.

૩. એક સમ્યગ્દૃષ્ટિ જીવ મરીને પહેલી નરકે ગયો.

૪. એક જીવે તીર્થંકર પ્રકૃતિ બાંધી, ને પછી ત્રીજી નરકે ગયો.

૫. એક જીવે તીર્થંકર પ્રકૃતિ બાંધી ને પછી ચોથી નરકે ગયો.

૬. એક જીવ છઠ્ઠી નરકેથી નીકળી, મનુષ્ય થયો ને પછી મુનિ થયો.

૭. એક જીવ ચોથી નરકેથી નીકળી, મનુષ્ય થઈ, કેવળજ્ઞાન પામી, મોક્ષે ગયો.

૮. એક જીવ આત્માને ઓળખી મુનિ થયો, ને ક્ષપકશ્રેણી માંડી સ્વર્ગે ગયો.

૯. એક જીવ ત્રીજા ગુણસ્થાને મરીને દેવલોકનો દેવ થયો.

૧૦. ભરતક્ષેત્રનો કોઈ જીવ સીમંધરપ્રભુ પાસે ગયો ને ક્ષાયિક સમકિત પામ્યો.

વિદ્યાર્થીઓ, તમારે સ્કુલમાં પરીક્ષા આપવાનું હોય ત્યારે બહુ બોજો લાગે છે; પણ પરીક્ષા આપવાને બદલે પેપર તપાસવાનું કામ તમને સોંપ્યું હોય તો ?–કેવી મજા આવે! અચ્છા, તો અહીં અમે તમને પરીક્ષક બનાવીએ છીએ. ઉપરનાં દશ વાક્યોમાં સાચા–ખોટાની પરીક્ષા તમારે કરવાની છે. તો કયા સાચા છે ને કયા ખોટા છે? તે તપાસી આપો. ( જરાક દીર્ઘદૃષ્ટિથી તપાસજો. )

# મુનિદશા કેવી હોય ?

## અને મુનિદશા પહેલાં જ્ઞ-સ્વભાવની પ્રતીત કેવી હોય ? તેનું વર્ણન

( મોક્ષપ્રાભૃત ગા. ૯૮ ઉપરનું પ્રવચન )

******

સમ્યગ્દર્શન વગર બાહ્યલિંગ અને વ્રતાદિને નિષ્ફળ કહ્યા છે. સમ્યગ્દર્શનપૂર્વક જે જિનલિંગ એટલે કે મુનિદશા તે મહા પૂજ્ય છે, તે મોક્ષસાધન છે. પરંતુ જેઓ પોતાને મુનિ મનાવે છે અને મુનિના મૂળગુણ–દિગંબરદશા વગેરેનું પાલન તો કરતા નથી, તો એવા જીવો જિનલિંગની વિરાધના કરીને મિથ્યાદ્રષ્ટિ થઈ જાય છે; તેઓ મુનિ તો નથી, પણ મુનિમાર્ગના વિરાધક છે. આચાર્યદેવ કહે છે કે ભાઈ ! મુનિપણું ન પાળી શકાય તો તેની ભાવના રાખીને, તેનું સ્વરૂપ જેમ છે તેમ બરાબર સમજવું જોઈએ. સાચી શ્રદ્ધાવડે પણ તારું સમ્યક્ત્વ અને મોક્ષમાર્ગ ટકી રહેશે. પણ જૈનમાર્ગના મુનિપણાનું સ્વરૂપ જ વિપરીત માની લેવું તે તો શ્રદ્ધાનો મોટો દોષ છે; મુનિપણું ન લઈ શકે અને સમ્યક્ શ્રદ્ધા બરાબર રાખે તો તેને ચારિત્રનો અલ્પદોષ હોવા છતાં તે મોક્ષમાર્ગમાં છે. મુનિપણાનું મોટું નામ ધરાવીને પ્રતિજ્ઞા તોડે–વ્યવહારમાં પણ અન્યથા વર્તે અને કહે કે મુનિપણું તો આવું જ હોય, તો તે જૈનશાસનની પ્રણાલિકા બગાડે છે; આગમમાં જે કહ્યું છે તેને પણ તે માનતો નથી. તે ઊંધું માને તેથી કાંઈ જૈનદર્શનનું સ્વરૂપ બીજું નહીં થઈ જાય, માત્ર તેના આત્માનું અહિત થશે.

અહો, મુનિદશા તો ધન્ય છે, પૂજ્ય છે. ઇન્દ્ર અને ચક્રવર્તી પણ તેને આદરે છે. સમ્યગ્દર્શન સહિત સ્વરૂપમાં લીન થઈને જેણે મુનિદશા પ્રગટ કરી તે તો ધન્ય છે; ત્યાં વિકલ્પની ઘણી જ મંદતા છે, દેહ ઉપરની મમતા છૂટી ગઈ છે, ત્યાં દેહ ઉપર વસ્ત્ર ધારણ કરવાની વૃત્તિ જ ઊઠતી નથી. વસ્ત્ર લેવાની વૃત્તિ ઊઠે તો મુનિદશા હોય નહિ; અને જો ત્યાં મુનિદશા માને તો સમકિત પણ હોય નહિ. સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રને મોક્ષમાર્ગ કહ્યો, તેમાં તેનાથી વિપરીત મિથ્યાત્વનો અભાવ, રાગનો અભાવ, અને રાગના નિમિત્તરૂપ વસ્ત્રાદિ પરિગ્રહનો અભાવ હોય છે.

અતીન્દ્રિય ચૈતન્યનો જ્યાં ઉગ્ર સ્પર્શ–અનુભવ કર્યો ત્યાં ઇન્દ્રિયોનો વિષય જીતાઈ ગયો છે, અતિન્દ્રય ચૈતન્યના સ્પર્શ વડે બાહ્યમાં સ્પર્શેન્દ્રિયનો આખો વિષય જીતાઈ ગયો છે, એટલે શરીર ઉપર વસ્ત્ર ધારણની વૃત્તિ જ રહેતી નથી. આવી નિર્ગ્રંથ મુનિદશા હોય છે.

અનાદિ મિથ્યાદ્રષ્ટિ જીવ પણ સમ્યગ્દર્શન પામીને તે જ અંતર્મુહૂર્તમાં સાતમું ગુણસ્થાન પ્રગટ કરીને મુનિ થાય છે. પણ તેનેય નિમિત્તપણે તો નિર્ગ્રંથ દ્રવ્યલિંગ જ હોય છે.–નિમિત્ત એવું જ હોય છે, વિપરીત હોતું નથી, અને છતાં તે નિમિત્તના આશ્રયે સાતમું ગુણસ્થાન કે મુનિપણું પ્રગટયું છે–એમ નથી. મુનિપણું અથવા સાતમું ગુણસ્થાન તો ચૈતન્યમાં ઉપયોગની લીનતાથી જ પ્રગટયું છે. પંચમહાવ્રતનો વિકલ્પ પણ જ્યાં મુનિદશાનું કારણ ખરેખર નથી, ત્યાં જડ શરીરની નગ્નદશાની શી વાત! એકલા બહારથી લોકોએ મુનિપણું માની લીધું છે, પણ સમ્યગ્દર્શન વગર મુનિદશા હોય નહિ. સમ્યગ્દર્શન પછી પણ જ્યાં સુધી વસ્ત્રાદિના પરિગ્રહની વૃત્તિ હોય ત્યાં સુધી મુનિદશા હોતી નથી. ચૈતન્યમાં લીનતા થતાં રાગ છૂટે, ને રાગ છૂટતાં નિમિત્ત પણ સહેજે છૂટી જાય–એવો સંબંધ છે. પણ વસ્ત્ર છોડવાની ક્રિયા આત્માએ કરી–એમ નથી. વસ્ત્રનો ત્યાગ થયો તે અજીવની ક્રિયા છે; ચારિત્રદશા તે સંવર–નિર્જરારૂપ ધર્મક્રિયા છે, ને રાગ તે વિભાવ ક્રિયા છે, આસ્રવ છે. જ્યાં સંવર –નિર્જરા પ્રગટયા ત્યાં રાગાદિ–આસ્રવ છૂટી જાય છે, ને અજીવનો સંબંધ અજીવના કારણે છૂટી જાય છે.

ચિદાનંદસ્વભાવ આત્મા સ્વસન્મુખપણે ઊપજતો થકો રાગાદિનો અકર્તા છે, તે અકર્તાપણું એટલે કે જ્ઞાયકસ્વભાવપણું સમયસારમાં આચાર્યદેવે સ્પષ્ટ સમજાવ્યું છે. જીવ કે અજીવ બધાય દ્રવ્યો પોતપોતાની જ પર્યાયરૂપે ઊપજે છે; પોતાની જ પર્યાયમાં તન્મયપણે ઊપજતો થકો જ્ઞાયકસ્વભાવી જીવ અન્ય દ્રવ્યનો અકર્તા જ છે. સમ્યગ્દ્રષ્ટિ જીવ જાણે છે કે વસ્તુનું સ્વરૂપ સર્વજ્ઞદેવે જેમ જાણ્યું છે તેમ જ પરિણમે છે, તેમાં અન્યથા થતું નથી. અહો, આમાં તો જ્ઞાનસ્વભાવનો નિર્ણય છે, રાગથી જુદો પડીને જ્ઞાનસ્વભાવની સન્મુખતાનો મોટો પુરુષાર્થ આમાં રહેલો છે, જ્ઞાનની દિશા સ્વ–તરફ ફરે છે; ને દિશા ફરતાં આખી દશા ફરી જાય છે. હું તો જ્ઞ–સ્વભાવી છું, પરમાં ઇષ્ટ–અનષ્ટિ માનવું તે વૃથા છે. આત્માના અનેક નામોમાં ‘જ્ઞ’ એવું એક નામ છે. ‘જ્ઞ’ સ્વભાવ જેમને પૂર્ણ પ્રગટી ગયો એવા સર્વજ્ઞ ભગવાન દિવ્ય જ્ઞાનસામર્થ્ય વડે સર્વ પદાર્થોને સાક્ષાત્ જાણે છે. આવા જ્ઞાનસ્વભાવની કબુલાત વગર જ્ઞ–સ્વભાવી આત્માને માન્યો

કહેવાય નહિ, અને તેની પૂર્ણ પર્યાયને પણ માની કહેવાય નહિ, એટલે સર્વજ્ઞ અરિહંતને પણ તેણે ખરેખર માન્યા નહિ જો સર્વજ્ઞને ઓળખે તો જ્ઞાનસ્વભાવી આત્માને પણ ઓળખે જ. તેથી આચાર્યદેવે પ્રવચનસારમાં કહ્યું છે કે–

જે જાણતો અર્હંતને ગુણ, દ્રવ્ય ને પર્યયપણે
તે જીવ જાણે આત્માને, તસુ મોહ પામે લય ખરે.

સર્વજ્ઞના દ્રવ્ય–ગુણ–પર્યાયને ઓળખતાં જ્ઞ–સ્વભાવી આત્માને જાણ્યો, તેનો મોહ નાશ થઈને સમ્યગ્દર્શન થાય છે. આત્માનો જ્ઞ–સ્વભાવ છે, તે સ્વભાવને જ્યાં કોઈ આવરણ ન રહ્યું ત્યાં તેનું પૂરું સામર્થ્ય–સર્વજ્ઞત્વ પ્રગટયું. જ્ઞાન તો આત્માનો સ્વભાવ છે અને તેને કોઈ આવરણ નથી તો પછી સર્વ પદાર્થોને જાણતાં તેને કોણ રોકે? તે સર્વ પદાર્થોને કેમ ન જાણે? જરૂર જાણે. જ્ઞાનસ્વભાવની પ્રતીત વગર કેવળજ્ઞાનની કે સિદ્ધપદની પ્રતીત ખરેખર આવે નહિ; કેમકે કેવળજ્ઞાન અને સિદ્ધપદનું ધામ તો જ્ઞાનસ્વભાવી આત્મા છે. પોતાના જ્ઞાનસ્વભાવની સન્મુખ થવાથી જ સર્વજ્ઞની અને સિદ્ધ ભગવંતોની ખરી પ્રતીત થાય છે. સમયસારમાં, સ્વભાવ–સન્મુખ થઈને જ્ઞાનસ્વભાવી આત્માને દ્રષ્ટિમાં–અનુભવમાં લીધો તેને જ કેવળી ભગવાનની પરમાર્થસ્તુતિ કહી છે.

અહો, આત્મા તો અનાદિથી જ્ઞાનસ્વભાવી જ છે, બધાય આત્મા અનાદિથી જ્ઞાયકભાવપણે જ અવસ્થિત છે, પણ અજ્ઞાનીને ઊંધી માન્યતાને લીધે તે વિપરીતપણે અધ્યવસિત થાય છે. ધર્માત્મા તેને જેવો છે તેવો પ્રતીતમાં લઈને, તેના આધારે કેવળજ્ઞાનને અને સિદ્ધપદને સાધે છે. જ્યાં જ્ઞાનસ્વભાવની સન્મુખ થઈને તેની પ્રતીત કરી ત્યાં સંવર–નિર્જરા શરૂ થયા, આસ્રવ–બંધ તૂટવા માંડયા, ને તે મોક્ષનો સાધક થયો; અજીવને જુદું જાણ્યું.–આમ સાતે તત્ત્વોની ખરી પ્રતીત સ્વભાવ સન્મુખ થયો ત્યારે થઈ. અલ્પજ્ઞાની તિર્યંચ પણ સ્વાનુભૂતિથી સમ્યગ્દર્શન પ્રગટ કરી શકે છે; સમ્યગ્દર્શન માટે એવી અટક નથી કે બાર અંગ ભણવા જોઈએ. સમ્યગ્દર્શનમાં બાર અંગનો સાર સમાઈ જાય છે. આત્માનુભવ તે જ મોક્ષમાર્ગ છે; આત્માનુભવીને બાર અંગ પઢવાની કોઈ અટક નથી. કોઈ જીવ બાર અંગ ભણ્યો ન હોય છતાં આત્માનુભવમાં લીન થઈને કેવળજ્ઞાન પામી જાય. મોક્ષનો માર્ગ આત્મ–અનુભૂતિમાં જ સમાય છે.

મોક્ષના સાધક મુનિવરોને ૨૮ મૂળગુણ–એક જ વખત ભોજન, દિગંબર દશા વગેરે હોય છે, રાગનો એટલો અભાવ થઈ ગયો છે કે ૨૮ મૂલગુણથી વિરુધ્ધ રાગ

આવતો જ નથી. મૂલગુણ સંબંધી જે વિકલ્પ છે તે કાંઈ ધર્મ નથી–એમ મુનિ જાણે છે. પરંતુ જો કોઈ સ્વચ્છંદી થઈ, મુનિના મૂલગુણોથી ભ્રષ્ટ થઈ એમ માને કે અમારે શું વાંધો છે? અમને સમકિત તો છે, પછી બાહ્ય મૂલગુણ બગડે તો ભલે બગડો, અમે તો મોક્ષમાર્ગી મુનિ છીએ.–તો એમ માનનારો જિનઆજ્ઞાથી ભ્રષ્ટ થઈને, સમ્યક્ત્વનો પણ ભંગ કરે છે, તે સ્વચ્છંદથી જરૂર મિથ્યાદ્રષ્ટિ જ થાય છે. ભાઈ, મુનિપણું ન પળાય તો તેની શ્રદ્ધા રાખ, પણ જો અન્યથા માનીને જિનઆજ્ઞાનો ભંગ કરીશ તો પ્રગટ મિથ્યાત્વ થશે. સમ્યગ્દર્શન પછી પણ ચારિત્રવંત મુનિદશા વગર મોક્ષ થતો નથી, માટે તેનું સ્વરૂપ બરાબર ઓળખવું જોઈએ. સમ્યગ્દર્શન વગર એકલા બાહ્ય ક્રિયાકાંડથી કે વ્રતથી મુનિપણું પ્રગટી જાય–એમ પણ બનતું નથી. આ રીતે સમ્યગ્દર્શન જ્ઞાન–ચારિત્રરૂપ મુનિદશા છે, ને તે મોક્ષમાર્ગ છે.

## ‘આત્મધર્મની રાહ જોઇને બેસું છું’

એક હરિજનભાઈ લખે છે કે–ઈનામી યોજનામાં ‘મહારાણી ચેલણા’ નું પુસ્તક મળ્યું, તે વાંચીને ખુબ આનંદ થયો; જૈનધર્મમાં ચેલણાની દ્રઢતા જાણવા મળી; ધર્મની કેવી દ્રઢતા ને તેને માટે કેટલું ગૌરવ હોવું જોઈએ તે જાણવા મળ્યું. બીજું–આત્મધર્મની રાહ જોઇને બેસું છું અને હાથમાં આવે ત્યારે એક સ્થાને બેસીને અથથી ઈતિ સુધી વાંચી લઉં છું, અંક પૂરો વંચાઈ જાય ત્યારે જ હાથમાંથી મૂકું છું. –ગુરુદેવના શબ્દો જાણે કે સજીવ થઈને સમજાવતા હોય તેવું લાગે છે. મુંબઈમાં જન્મજયંતી વખતે હું હતો અને મેં ગુરુદેવનું એક કાવ્ય રચ્યું છે. ગુરુદેવ સમજાવે છે કે આત્મામાં કોઈ વર્ણ–વાડો કે સંપ્રદાય નથી. જૈનધર્મની મહત્તા બીજા કરતાં ચડીયાતી છે. (એક હરિજન યુવાન પણ આત્મધર્મ દ્વારા જૈનધર્મ પ્રત્યે કેટલો પ્રમોદ વ્યક્ત કરે છે તે આ પત્રથી જણાશે. આવો જ એક પત્ર આત્મધર્મના ૩૧૨મા અંકમાં પણ છપાયો છે.)

# બંધનથી કેમ છૂટાય ?

## જીવને બંધ મોક્ષનું કારણ જીવમાં છે, બહારમાં નથી

( સમયસારઃ બંધઅધિકારના પ્રવચનમાંથી )

*****

બંધ અધિકારમાં આચાર્યદેવ કહે છે કે મિથ્યાદ્રષ્ટિને બંધન થાય છે અને સમ્યગ્દ્રષ્ટિને બંધન થતું નથી; કેમકે ઉપયોગ સાથે રાગની એકતારૂપ જે ચીકાશ તે જ બંધનું કારણ છે, બીજું કોઈ બંધનું કારણ નથી. તેથી રાગથી ભિન્ન ઉપયોગ જેણે અનુભવ્યો છે એવા સમ્યગ્દ્રષ્ટિને બંધન થતું નથી.

રાગમાં એકપણે કોણ વર્તે છે? મિથ્યાદ્રષ્ટિ જ વર્તે છે. સમ્યગ્દર્શન પછી જે અલ્પ રાગ અને બંધન થાય છે તેને સમ્યગ્દ્રષ્ટિ પોતાના ઉપયોગથી ભિન્ન જાણે છે, તેથી ખરેખર તેને બંધન નથી.

મન–વચન–કાયાની ક્રિયાઓ તથા બાહ્ય સંયોગો મિથ્યાદ્રષ્ટિને તથા સમ્યગ્દ્રષ્ટિને એકસરખા હોય છતાં તે વખતે મિથ્યાદ્રષ્ટિ કર્મોથી બંધાય છે ને સમ્યગ્દ્રષ્ટિ બંધાતા નથી; માટે બહારની ક્રિયાઓ તે બંધનું કારણ નથી એમ સિદ્ધ થયું. બંધનું કારણ એક જ છે કે ઉપયોગસ્વરૂપ આત્માની સાથે રાગાદિકને એકપણે અનુભવવા. સમ્યગ્દ્રષ્ટિ પોતાને જ્ઞાનપણે જ અનુભવે છે, ચૈતન્યભૂમિમાં અંશ માત્ર રાગને ભેળવતા નથી. રાગ વગરનો ઉપયોગ તે બંધનું કારણ કેમ થાય? માટે ધર્મીને બંધન નથી.

જ્ઞાન તે સ્વતત્ત્વ છે; રાગ તે પરતત્ત્વ છે. દેહાદિ તો જડ અને પર છે, તે તો બહાર રહ્યા; અંદર સૂક્ષ્મ રાગ તે પણ જ્ઞાનથી ભિન્ન એવું પરતત્ત્વ છે, આવી ભિન્નતાના અનુભવને ગ્રંથિભેદ અથવા સમ્યગ્દર્શન કહે છે. તેમાં બંધનો અભાવ છે, ને બંધના કારણોનો પણ અભાવ છે. આવા જ્ઞાન વડે બંધનથી છૂટાય છે.

અનંતી કાર્મણવર્ગણા આખા લોકમાં સર્વત્ર ભરેલી છે; જ્યાં સિદ્ધ ભગવાન રહે છે ત્યાં પણ અનંતી કર્મવર્ગણા ભરી છે, છતાં સિદ્ધ ભગવાનને જરા પણ કર્મ બંધન કેમ થતું નથી? કેમકે તેમને રાગનો સર્વથા અભાવ છે. કર્મવર્ગણા તે કાંઈ બંધનું કારણ નથી, જો તે જ બંધનું કારણ હોય તો સિદ્ધનેય બંધન થવું જોઈએ.

વળી આ પાંચ ઇન્દ્રિયો તથા અંદરનું જડ મન તે પણ બંધનું કારણ નથી;

એટલે તે ઇન્દ્રિય–મનનો સદ્ભાવ હોવા છતાં કેવળી ભગવાનને બંધન થતું નથી, કેમકે કેવળી ભગવાનને બંધના કારણનો અભાવ છે. ઇન્દ્રિયાદિ જો બંધનું કારણ હોય તો કેવળીને પણ બંધન થવું જોઈએ. બંધનું કારણ તો ઉપયોગમાં રાગની એકતા કરવી તે જ છે; અને તે તો અજ્ઞાનીને જ હોય છે, તેથી અજ્ઞાનીને જ બંધન થાય છે.

અરે, જીવોને મોક્ષના કારણની તો ખબર નથી ને પોતાને બંધન કેમ થાય છે તેની પણ ખબર નથી. બંધનું ખરૂં કારણ પોતામાં છે તે ભૂલીને બહારની ક્રિયાઓને બંધનું કારણ માને છે, તેથી છૂટવાનો ઉપાય પણ બહારમાં માને છે; એ બન્નેમાં ભૂલ છે.

ઉપયોગમાં રાગાદિને માનવા તે જ બંધનું કારણ છે. એમ જાણીને ધર્મીએ ભેદજ્ઞાનવડે તેનો ત્યાગ કર્યો છે. ભેદજ્ઞાનથી તે જાણે છે કે મારો ઉપયોગ ઉપયોગમાં જ છે, રાગમાં મારો ઉપયોગ નથી; અને રાગ મારા ઉપયોગથી બહાર રાગમાં જ છે, મારા ઉપયોગમાં રાગ નથી.–આ રીતે રાગના કોઈપણ અંશને ધર્મી પોતાના ઉપયોગમાં ભેળવતા નથી, ઉપયોગને શુદ્ધ જ અનુભવે છે; આવા અનુભવમાં ધર્મીને બંધન થતું નથી.

આત્માના ઉપયોગમાં રાગાદિને કરવા એટલે કે ઉપયોગને રાગાદિ અશુદ્ધરૂપે અનુભવવો તે જ નિશ્ચયથી બંધનું કારણ છે; અને ઉપયોગમાં રાગાદિને ન કરવા એટલે કે રાગથી ભિન્ન શુદ્ધ ઉપયોગરૂપ પોતાને અનુભવવો તે નિશ્ચયથી મોક્ષનું કારણ છે. બંધ–મોક્ષના કારણનો આ નિયમ છે, એટલે કે અબાધિત સિદ્ધાંત છે.

આત્માનો ઉપયોગસ્વભાવ બંધનું કારણ નથી, તેમજ પરવસ્તુઓ બંધનું કારણ નથી. રાગાદિને ઉપયોગ સાથે એકમેક કરવારૂપ જે અશુદ્ધભાવ છે તે જ ભાવબંધ છે, ને તે જ બંધનું કારણ છે. આવું બંધન મિથ્યાદ્રષ્ટિને જ હોય છે, સમ્યગ્દ્રષ્ટિને હોતું નથી–એમ બતાવવાનો આચાર્યદેવનો અભિપ્રાય છે. અહો, સમ્યગ્દર્શન થતાં જીવ અબંધ થઈ ગયો. સમ્યગ્દર્શનના આવા પરમ મહિમાની જગતને ખબર નથી.

અજ્ઞાનીને પણ બહારની ક્રિયાઓ, કાર્મણવર્ગણાઓ કે ઇન્દ્રિયાદિ તે કાંઈ બંધનું કારણ નથી, ઉપયોગમાં રાગની એકતા તે જ તેને બંધનું કારણ છે, જ્યાં એવી એકતા છૂટી ત્યાં ઉપર કહેલ ક્રિયાઓ વગેરે હોવા છતાં તેને બંધન થતું નથી.–આ સમ્યગ્દર્શનનું સામર્થ્ય છે.

મન–વચન–કાયાની ક્રિયારૂપ યોગ તે પણ બંધનું કારણ નથી; કેમકે યથાયોગ્ય

સંયમીઓને તે યોગ હોવા છતાં બંધન થતું નથી. એ જ રીતે જીવના કષાય વગર બહારમાં સચિત્ત–અચિત્ત વસ્તુનો ઉપઘાત થાય તે પણ બંધનું કારણ નથી; જો બાહ્ય વસ્તુ બંધનું કારણ હોય તો સમિતિમાં તત્પર મુનિરાજને પણ બંધન થવાનો પ્રસંગ આવે, પણ તે મુનિરાજને બંધન થતું નથી, કેમકે બંધનું કારણ જે રાગ સાથે એકતા, તેનો તેને અભાવ છે. મિથ્યાત્વ જ બંધનું મુખ્ય કારણ છે; મિથ્યાત્વ વગરના રાગાદિ કષાયભાવો તે બંધનું ગૌણ કારણ છે.

શરીરાદિ પુદ્ગલની ક્રિયાઓ જીવને બંધનું કારણ કેમ હોય? જીવના બંધનું કારણ તો જીવના ભાવમાં હોય. જીવને મોક્ષનું કારણ પણ બહારમાં નથી, પોતાના સ્વ–દ્રવ્યરૂપ સમ્યગ્દર્શનાદિ ભાવ જ મોક્ષનું કારણ છે. જીવના ઉપયોગનું રાગાદિ સાથે જોડાણ તે બંધનું કારણ, અને ઉપયોગની રાગાદિથી ભિન્નતા તે મોક્ષનું કારણ છે.

પોતાની અવસ્થામાં દોષ હોય તે જીવને બંધનું કારણ થાય, પણ બીજી ભિન્ન વસ્તુમાં જે ક્રિયા થાય તે જીવને બંધનું કારણ ન થાય. રાગાદિ મલિનભાવો સાથે એકતાથી ચૈતન્યભૂમિ મલિન થાય છે, તે એક જ બંધનનું કારણ છે, બીજું કોઈ બંધનું કારણ નથી. ઉપયોગભૂમિ તો આનંદ સ્વરૂપ છે, રાગ વગરની છે; ને રાગાદિ ભાવો તો દુઃખરૂપ છે. આમ ભિન્નતા જાણીને ઉપયોગને રાગથી જુદો અનુભવવો તે બંધનથી છૂટવાનો ઉપાય છે.

સમ્યગ્દ્રષ્ટિ મન–વચન કે શરીરાદિની ચેષ્ટામાં વર્તે છે એમ ઉપચારથી જ કહેવાય છે, ખરેખર સમ્યગ્દ્રષ્ટિ રાગમાં પણ નથી વર્તતો, તો શરીરની શી વાત? તે તો શરીર અને રાગથી ભિન્ન એવા ઉપયોગમાં જ વર્તે છે. ઉપયોગમાં જ સ્વપણે વર્તે છે, રાગમાં સ્વપણે વર્તતો નથી, તેથી તેને બંધન થતું નથી. રાગ વગરનો ઉપયોગ બંધનું કારણ કેમ થાય? બસ, ઉપયોગમાં રાગનો અભાવ તે જ મોક્ષનું કારણ છે.

સમ્યગ્દ્રષ્ટિનો કોઈ અદ્ભુત મહિમા છે કે તેને બંધન થતું નથી; સર્વ પ્રસંગે તેનો ઉપયોગ રાગથી જુદો ને જુદો વર્તે છે; અંતરના સ્વભાવમાં જ એકપણે વર્તતો તેમનો ઉપયોગ રાગાદિ અશુદ્ધભાવરૂપ થતો જ નથી, માટે તેમને બંધન નથી; તે તો શુદ્ધ ઉપયોગને રાગથી જુદો પાડીને મોક્ષને જ સાધે છે. ભાવકર્મથી જુદો શુદ્ધ આત્મા, તે જ સાચો આત્મા છે, તે જ સમયસાર છે. આવા આત્માને જે અનુભવે તે ધર્મીને બંધન થતું નથી. આવો શુદ્ધ અનુભવ તે મોક્ષનું કારણ છે.

ધર્મીને તો શરીર અને રાગમાંથી એકતાબુદ્ધિ છૂટીને શુદ્ધ ઉપયોગના અનુભવથી

રાગ વગરનો ભાવ પ્રગટયો છે માટે તેને બંધન નથી, પણ જેને રાગમાં ને દેહની ક્રિયામાં જ એકતાબુદ્ધિ પડી છે, દેહથી ને રાગથી ભિન્ન ઉપયોગની જેને ખબર નથી, સ્વચ્છંદથી રાગમાં પ્રવર્તે છે,–અને છતાં કહે છે કે મને બંધન થતું નથી, તો એને તો મિથ્યાત્વની તીવ્રતા છે; ભેદજ્ઞાન શું છે, સમ્યગ્દર્શન શું છે, એની એને ખબર નથી. તે તો તીવ્ર મિથ્યાત્વને લીધે બંધાય જ છે. સમ્યગ્દ્રષ્ટિને તો રાગથી જુદો, રાગ વગરનો ભાવ છે તે બંધનું કારણ નથી.

ઉપયોગસ્વરૂપ શુદ્ધ આત્માને અનુભવતો સમ્યગ્દ્રષ્ટિ જીવ પોતાની ઉપયોગભૂમિમાં રાગનેય આવવા દેતો નથી તો કર્મનું બંધન કેમ હોય? ચૈતન્યની ભૂમિમાં જ્યાં રાગ જ નથી ત્યાં કર્મબંધન કેવું? ધર્મીના ઉપયોગમાં આત્મા સમીપ છે, –રાગ સમીપ નથી, રાગ તો દૂર છે, જુદો છે; આત્મા સાથે એકતા છે તેથી આત્મા જ નજીક છે. જેને રાગ સાથે એકતા છે તેને આત્મા દૂર છે. શુભરાગથી મને લાભ થશે, શુભરાગ મને મોક્ષનું સાધન થશે–એમ માનનાર અજ્ઞાનીને શુદ્ધઆત્મા દૂર વર્તે છે. આત્માનો અનાદર કરીને તે રાગ સાથે મિત્રતા કરે છે, એ જ બંધનું કારણ છે. જેને રાગ સાથે મિત્રતાનો અભાવ છે, એકતાનો અભાવ છે, તેને બંધનો અભાવ છે. તે તો જ્ઞાનરૂપે જ પરિણમતો થકો મોક્ષને સાધે છે.–સમ્યગ્દ્રષ્ટિની આવી અદ્ભુત દશા છે.

ચોથા ગુણસ્થાનવાળા ધર્મી જીવ શું કરે છે? કે જ્ઞાનરૂપે જ પરિણમે છે. શરીરને અને રાગને જ્ઞાનથી ભિન્ન જાણીને પોતાના આત્માને જ્ઞાનરૂપે જ અનુભવે છે. જ્ઞાનના અનુભવમાં બીજા કોઈ રાગાદિ ભાવોને જરા પણ આવવા દેતા નથી. આવું ભેદજ્ઞાન તે મોટું કામ છે. મોક્ષને માટે એજ ખરૂં કામ છે.

રાગથી જુદું જ્ઞાન કહો કે આનંદ કહો, તેમાં જ્યાં એકતા થઈ ત્યાં આખા સંસારનો અંત આવી ગયો. અજ્ઞાની બહારનાં ગમે તેટલાં વ્રત–તપ–ત્યાગ કરે પણ એ શુભરાગને ઉપયોગ સાથે એક કરે છે–તેથી તેને આખો સંસાર ઊભો જ છે; કેમકે રાગમાં ઉપયોગની એકતા તે જ સંસારનું મૂળ છે. જેણે આવું અજ્ઞાન તો છોડયું નથી, હિંસાદિ ભાવોમાં વર્તે છે, અને છતાં કહે છે કે અમને પણ બંધન થતું નથી,–એ તો સ્વચ્છંદ છે; જ્ઞાનની તો તેને ખબર નથી, ને પરભાવની કર્તૃત્વબુદ્ધિ છે તે તો અજ્ઞાનથી જરૂર બંધાય છે.

જ્ઞાનસ્વરૂપ આત્માને જે જાણે છે તે તો રાગને જરાપણ કરતો નથી. રાગ થાય તે જુદી વાત છે, ને તે રાગમાં એકત્વબુદ્ધિથી તેના કર્તા થવું તે જુદી વાત છે. ધર્મી તો રાગ અને જ્ઞાનના ભેદજ્ઞાન સહિત વર્તે છે, તેને પરજીવોનું કર્તૃત્વ કે

રાગ–દ્વેષનું કર્તૃત્વ નથી. હું જ્ઞાન છું–એવું સ્વરૂપ ભૂલીને ‘શુભરાગ હું કરું, ને તેનાથી પરજીવને હું જીવાડી દઉં’ એવી બુદ્ધિ પણ જ્યાં મિથ્યાત્વ છે, તો પછી હિંસાભાવથી પરજીવને મારવાનો અભિપ્રાય મિથ્યાત્વ કેમ ન હોય? શુભ કે અશુભ કોઈ પણ રાગનું કર્તૃત્વ તે મિથ્યાત્વ છે. અને તે જ બંધનું કારણ છે. ધર્મીને તેનો અભાવ છે, માટે તેને બંધન થતું નથી.

ધર્મી જાણે છે કે હું જ્ઞાન છું; જ્ઞાનભાવ તે રાગભાવ નથી, જ્ઞાનભાવમાં રાગનું અસ્તિત્વ નથી; જ્ઞાનને પણ કરે અને રાગને પણ કરે–એમ બે વિરુધ્ધભાવોનું કર્તૃત્વ એકસાથે રહી શકે નહીં. જેને રાગનું કર્તૃત્વ છે તેને રાગ વગરના જ્ઞાનભાવની ખબર નથી. અને જેણે જ્ઞાનભાવ પ્રગટયો છે એવા ધર્મી જીવને રાગનું કર્તૃત્વ નથી. આ રીતે જ્ઞાન અને રાગની ભિન્નતારૂપ પરિણમન તે ધર્મીજીવને મોક્ષનું કારણ છે.

## સુખકી સહેલી હૈ અકેલી ઉદાસીનતા

સંસારમાં સંયોગ વિયોગનો ગમે તે પ્રસંગ હો, પણ મુમુક્ષુ જીવે તો આત્મહિતના માર્ગ તરફ જ આગળ વધવાનું છે. યુવાન પુત્રના મૃત્યુ વગેરે પ્રસંગમાં જીવોને દુઃખ થાય, પણ તે જ વખતે દુઃખની સામે સુખધામ એવા ચૈતન્યની ભાવના અને વૈરાગ્યને હાજર રાખીએ તો જીવને આત્મહિતને માટે ચાનક ચઢે. સંતોએ કહ્યું છે કે સુખની બહેનપણી તો ‘ઉદાસીનતા’ છે–”સુખકી સહેલી હૈ અકેલી ઉદાસીનતા.”

બાકી પુત્રો વગેરેનો આત્મા તો અસ્તિરૂપ જ છે; ફેર માત્ર એટલો કે આપણાથી થોડોક દૂર,–પણ તે જીવંત જ છે; તેનો નાશ નથી થયો. મનુષ્યલોક જેટલું જ ટૂંકુ જ્ઞાન ન રાખીએ ને દેવલોક સુધી જ્ઞાનને લંબાવીને વિચારીએ તો શું તે આત્મા આપણને જીવંત ન દેખાય?–જરૂર દેખાય. જ્યાં આત્માની નિત્યતા છે ત્યાં મરણનો ભય કેવો? આવા આત્માને લક્ષગત કરીને આપણે પંચપરમેષ્ઠીના પંથે જવાનું છે. તેથી ‘હું જિનવરનો સંતાન છું’ એમ ઓળખવામાં મુમુક્ષુ ગૌરવ માને છે.

# અસાર સંસારમાં એક જ શરણ

વિભાવ પરિણતિરૂપ જે આ સંસારદશા તેમાં ક્યાંય સુખ નથી, સંસારઅવસ્થા દુઃખરૂપ જ છે. જીવ બાહ્ય સામગ્રીને સુખનું કે દુઃખનું સાધન માને છે તે ભ્રમ છે; અને બાહ્ય સામગ્રીને રાખવા કે ટાળવા માગે છે પરંતુ તે કાંઈ તેને આધીન નથી. એટલે તેમાં પણ ઈચ્છાવડે આકુળવ્યાકુળ જ થાય છે. અનુકૂળ સંયોગ આવે ને સુખ માને, પણ તે કાંઈ સુખ નથી. વાસ્તવિક સુખ શું છે તેના સ્વરૂપની તેને ખબર પણ નથી. કાં તો સંયોગને અને કાં તો મંદ આકુળતાને તે સુખ માને છે, પણ ચૈતન્યતત્ત્વ રાગ અને સંયોગ વગરનું છે, તેને ક્યાંય બહારથી સુખ લાવવું પડતું નથી પણ પોતે સ્વયં સુખરૂપ છે; આવા નિરાકુળ સુખસ્વરૂપને ઓળખતો નથી તેથી જીવ દુઃખી થાય છે. મિથ્યાત્વનું જે દુઃખ તે સમ્યગ્દર્શનાદિ વડે જ ટળે છે, બીજો કોઈ ઉપાય નથી.

અરે, આ સંસાર! જુઓને, ક્ષણમાં સંયોગ ચાલ્યો જાય છે! જેને સુખનું સાધન માનીને રક્ષવા માંગે, એવા એકના એક વહાલા પુત્ર ક્ષણમાં ફૂ થઈને ચાલ્યા જાય છે. જીવ સુખને માટે સંયોગમાં વ્યર્થ ઝાંવા નાખે છે, ને સંયોગ મટતાં જાણે સુખનું સાધન ચાલ્યું ગયું–એમ માનીને મહા દુઃખી થાય છે. પણ ચૈતન્યસ્વભાવમાં સુખ છે ને મોહનું જ દુઃખ છે–એમ સમજીને મોહને દૂર કરે તો દુઃખ ટળે ને સુખ થાય. એ સિવાય સંયોગો ફેરવવા માગે તે કાંઈ જીવને આધીન નથી, ને ઈચ્છા પ્રમાણે કાંઈક સંયોગ હોય તો પણ તેમાં કાંઈ સુખ નથી. ભાઈ, સંયોગ તરફની વૃત્તિ તોડ ને સંયોગથી ભિન્ન ચૈતન્ય તત્ત્વ તરફ અંતરમાં વળ. આત્મા જ આનંદસ્વરૂપ છે, તેની શ્રદ્ધા દ્વારા જ શાંતિ મળે છે. –બીજો કોઈ ઉપાય નથી.

એકવાર સંયોગ એવો હોય કે લાખો રૂપિઆના દાન કરે...એ જ જીવને વળી એવો સંયોગ આવે કે રોટલા ખાવાના પણ સાંસા પડી જાય. એ બંને સાતા–અસાતાના ઉદય નિમિત્તે થાય છે, તેમાં જીવનો પ્રયત્ન કાંઈ કામ આવતો નથી. જીવ મોહથી મફતનો દુઃખી થાય છે; જો સમાધાન કરીને સમ્યગ્દર્શનાદિ કરે તો સુખ થાય ને આકુળતા મટે.

સમકિતી વિચારે છે કે–

અરે, જેનાથી પાપાસ્રવ થતો હોય એવી સંપદા શું કામની? અને જો મારે

પાપાસ્રવ નથી તો પછી બીજી સંપદાનું મારે શું કામ છે? બહારની સંપદા હો કે ન હો, પણ મારો આત્મા નિરાસ્રવ રહે–એ જ મારે પ્રયોજન છે. બહારની સંપદાથી મારે કાંઈ પ્રયોજન નથી, કેમકે તેમાં કાંઈ મારું સુખ નથી. મારું સુખ તો આસ્રવ વગરની મારી સ્વરૂપસંપદામાં જ છે, જ્યાં મિથ્યાત્વાદિ આસ્રવો રોકાઈ ગયા ત્યાં કેવળજ્ઞાનાદિ સ્વરૂપસંપદા આવી મળશે,–તો બીજી સંપદાથી મારે શું પ્રયોજન છે? અને જો બાહ્ય સંપદા મળે ને આસ્રવ ન રોકાય તો એવી સંપદાથી શું પ્રયોજન છે? આમ ભાવના ભાવીને ધર્માત્મા જીવ ચૈતન્યને સાધવામાં તત્પર થાય છે. અરે, ચૈતન્યસંપદા પાસે ધૂળ જેવી આ બાહ્ય સંપદા શું કામની છે? ચૈતન્યને સાધતાં સાધતાં અલ્પકાળમાં કેવળજ્ઞાન સંપદા પ્રાપ્ત થશે, ને વચ્ચે રાગના ફળરૂપે ઇન્દ્રાદિ પદની સંપદા તો સહેજે આવી પડશે. શુદ્ધ આનંદકંદ સંપદાવાળો મારો આત્મા જ છે–એમ ધર્મી અનુભવે છે. ધર્મીને પોતાના અંતરમાં ચૈતન્યની રિદ્ધિ–સિદ્ધિ સદાય વૃદ્ધિરૂપ ભાસે છે, ચૈતન્યની રિદ્ધિ–સિદ્ધિના ભાનમાં તે જગતથી ઉદાસ છે. ભગવાનના દાસ છે ને જગતથી ઉદાસ છે–આવા ચૈતન્યઋદ્ધિવંત સમકિતી સદાય સુખીયા છે. ચૈતન્યની રિદ્ધિથી પરિપૂર્ણ એવા પોતાના આત્માને ધર્મી અમર જાણે છે. આવા આત્માને ઓળખવો તે એક જ આ અસાર સંસારમાં શરણરૂપ છે. ( એક વૈરાગ્યપ્રસંગના પ્રવચનમાંથીઃ સં. ૨૦૧૮ )

## ‘जिनधर्मविनिर्मुक्तो मा भवत् चक्रवर्त्यपि’

જૈનધર્મ વગરનું ચક્રવર્તીપદ પણ ઇષ્ટ નથી–એમ દર્શનસ્તોત્રમાં આપણે બોલીએ છીએ, ને એ રીતે ચક્રવર્તીપદ કરતાંય જૈનધર્મની મહત્તા પ્રસિદ્ધ કરીએ છીએ. એકવાર આપણે આત્મધર્મમાં લખેલું હતું કે વડાપ્રધાનની પદવી કરતાંય ધર્મના સંસ્કાર મળવા મોંઘા છે; અને એવા ધર્મસંસ્કાર મેળવનાર બાળકો ભાગ્યશાળી છે. આ સંબંધમાં પૂ. ગુરુદેવ ઘણીવાર કહે છે કે “નાના બાળકો કે યુવાનોને તત્ત્વજ્ઞાનમાં રસ લેતા દેખીને મને તેમના પર પ્રેમ આવે છે કે વાહ! આ બાળકો ભાગ્યશાળી છે કે નાનપણથી આત્માની આવી અપૂર્વ વાત એમને કાને પડી ને તેમાં તેઓ રસ લ્યે છે.”–આ રીતે પ્રેમપૂર્વક ગુરુદેવ નાના બાળકોને તેમજ યુવાનોને ધર્મમાં ઉત્સાહિત કરે છે. ખરું જ છે–બાળકોને નાનપણથી ધાર્મિક જ્ઞાનના સંસ્કાર રેડવા તે સમાજની ઉન્નતિનું કારણ છે. અને ગુરુદેવના પ્રતાપે આપણો બાલવિભાગ પણ હજારો બાળકોમાં ધાર્મિક સંસ્કારનું સીંચન કરી રહ્યો છે. બાળકોમાં તત્ત્વજ્ઞાનના સંસ્કાર રેડવા તે ધર્મની ઉન્નતિનો શ્રેષ્ઠ માર્ગ છે. એટલે જ–

કહે હરિ–જૈનધર્મને કરવા આબાદાન,
સરસ રીત તો એજ છે, દ્યો બચ્ચાને જ્ઞાન.

# વાંચકો સાથે વાતચીત અને તત્ત્વચર્ચા

( વિવિધ તત્ત્વચર્ચાથી ભરપૂર સર્વે જિજ્ઞાસુઓનો પ્રિય વિભાગ )

ભગવત્ ધર્મ સૂક્ષ્મ છે, અર્થાત્ સર્વજ્ઞનો વીતરાગ ધર્મ સૂક્ષ્મ છે; રાગ તો સ્થૂળ પરિણામ છે, તેના વડે ભગવત્ ધર્મ પમાતો નથી. સૂક્ષ્મ એવો ભગવત્‌ધર્મ–વીતરાગધર્મ તે તો સૂક્ષ્મ–અતીન્દ્રિય જ્ઞાનવડે જ પમાય છે.

રે જીવ! રત્નત્રયના સુંદર પુષ્પોથી ખીલેલા તારા ચૈતન્યના બાગમાં પાંચ ઇન્દ્રિય વિષયોરૂપી ઊંટડાને તું છૂટા ન મુકીશ, નહિતર તે ઊંટડા તારા ઉત્તમ ચૈતન્યબાગને ઉજ્જડ કરી નાંખશે. સમ્યક્ત્વ સહિતના વૈરાગ્યરૂપી વાડથી તારા ચૈતન્યબાગની રક્ષા કરજે.

### ∗ સુખ માટે શરણ

અહો, અનાદિથી જેનું શરણ લીધા વગર જીવ સંસારમાં દુઃખી થઈ રહ્યો છે એવો શરણભૂત જ્ઞાનાનંદમય આત્મા, તેનું જેણે શરણ લીધું તે જીવ સ્વયમેવ સુખી છે, સુખ માટે જગતના કોઈ પદાર્થની વાંછા તેને નથી. સુખથી ભરેલો પોતાનો આત્મા, તેના અનુભવથી જ જીવ સુખી છે.

### ∗ ભગવાનનો વારસો

ભગવાન કહે છે કે હે જીવ! આનંદનો ખજાનો અમે ખોલ્યો છે; અમારા આ આનંદના ખજાનાનો વારસો અમે તને આપીએ છીએ. તારે આ આનંદનો વારસો લેવો હોય તો તું અંતરમાં ચિદાનન્દસ્વભાવની સન્મુખ થા; દેહથી ને રાગથી ભિન્નતા જાણીને જ્ઞાનમય આત્માને અનુભવમાં લે; એટલે તને પણ અમારા જેવો જ આનંદનો ખજાનો મળશે.

–આ છે ભગવાનનો વારસો.

પ્રશ્નઃ– અજ્ઞાનીએ સમવસરણમાં ભગવાનને જોયા હશે?

ઉત્તરઃ– ના; એણે ભગવાનના–દિવ્ય શરીરને જોયું, વાણી સાંભળી, પણ ભગવાનને ન જોયા, ભગવાનના જ્ઞાનમય આત્માને ન જોયો કે ન ઓળખ્યો. દિવ્ય દેહ અને વાણી એ કાંઈ ભગવાન નથી, ભગવાન તો એનાથી જુદા છે. જો ભગવાનને જુએ –ઓળખે તો આત્માનું સ્વરૂપ ઓળખાઈ જાય, ને અજ્ઞાન રહે નહીં.

પ્રશ્નઃ– ભરતક્ષેત્રનો જીવ ભગવાનને દેખી શકે?

ઉત્તરઃ– હા; સમ્યગ્જ્ઞાનના બળે ભરતક્ષેત્રનો જીવ પણ ભગવાનના સ્વરૂપને દેખી શકે છે–ઓળખી શકે છે. ક્ષેત્રથી નજીક હોય તો જ ભગવાનનું સ્વરૂપ ઓળખી શકાય એવું કાંઈ નથી.

પ્રશ્નઃ– વિદેહક્ષેત્રમાં મનુષ્યનું કેટલું આયુષ્ય હોય ?

ઉત્તરઃ– ઉત્કૃષ્ટ આયુ કરોડ પૂર્વ હોય છે.

પ્રશ્નઃ– ત્યાં એથી ઓછું આયુષ્ય હોઈ શકે ?

ઉત્તરઃ– જી હા, ઘણા જીવોને એથી ઓછું આયુષ્ય પણ હોઈ છે. ત્યાંના જે સીમંધરાદિ વીસ તીર્થંકરો છે તેમને તો કરોડ પૂર્વનું ઉત્કૃષ્ટ આયુષ્ય જ હોય છે; બીજા સામાન્ય જીવોમાં ઓછું આયુષ્ય પણ હોય છે. (જે જુગલિયા–મનુષ્યો છે, તેમનું આયુષ્ય અસંખ્યાત વર્ષોનું હોય છે.)

પ્રશ્નઃ– વિદેહ ક્ષેત્રના જીવો મરીને સ્વર્ગમાં જ જાય–એ ખરૂં ?

ઉત્તરઃ– ના; તે સંસારની ચારગતિ ને પંચમ મોક્ષગતિ, તેમાંથી કોઈ પણ ગતિમાં જાય. ભોગભૂમિના જીવોને માટે એ નિયમ છે કે તે મરીને સ્વર્ગમાં જ થાય. બીજી કોઈ ગતિમાં ન જાય.

પ્રશ્નઃ– ભરતક્ષેત્રનો સમ્યગ્દ્રષ્ટિ જીવ મરીને વિદેહમાં ઉપજી શકે ?

ઉત્તરઃ– ના; સીધો ત્યાં ન ઊપજે; વચ્ચે સ્વર્ગનો ભવ કરીને પછી ઉપજી શકે. કોઈ ક્ષાયિક સમ્યગ્દ્રષ્ટિ જીવે સમ્યક્ત્વ પામ્યા પહેલાં મનુષ્ય આયુ બાંધી લીધું હોય તો તે ભોગભૂમિનો જ મનુષ્ય થાય.

* કહો, માતા! એ કોણ છે? :– ત્રિશલા માતાજીની સેવામાં રહેલી દિગ્કુમારી દેવીઓ માતાજી સાથે આનંદકારી ચર્ચા કરતાં કરતાં પૂછે છે કે–હે માતા! જગતમાં સૌથી ઉત્તમ,–ચાર અક્ષરની એક એવી વસ્તુ બતાવો કે જે તમારી પાસે હોય!

ચાર અક્ષરની ચીજ છે. જગતમાં તે શ્રેષ્ઠ છે...
તુમ અંતર બીરાજે છે, કહો, માતા! એ કોણ છે?

* આનંદનું ધામ :– શરીર તો છે રોગનું ધામ. આતમરામ આનંદનું ધામ.
અજ્ઞાન છે દુખનું ધામ. સમકિત છે સુખનું ધામ.

*આત્માનું જીવન :– આત્મા જ્ઞાનઆનંદના જીવનથી જીવનારો છે. રાગથી કે જડ શરીરથી આત્મા જીવનારો નથી.

ચૈતન્ય રંગથી રંગાયેલો આત્મા રાગથી રંગાતો નથી.
રાગના રંગથી રંગાયેલો જીવ આત્માને દેખતો નથી.

*એક હતો રાજા :– તે અયોધ્યામાં રાજ કરે; પછી દીક્ષા લઈને મુનિ થયા. બે હાથના આંગળા ભેગા કરો તો તે રાજાના પહેલા બે અક્ષર થાય. છેલ્લા બે અક્ષરમાં બેસવાની તમને મજા આવે.

એનો એક દીકરો ભગવાન થયો; તો તે રાજા કોણ ?

* મદ્રાસથી શ્રી ફકીરચંદભાઈ ભક્તિપૂર્વક લખે છે કે 'પૂ. ગુરુદેવની વાણી ઝીલીને આપ આત્મધર્મ દ્વારા દૂર દૂર વસતા ભાઈઓને લાભ આપી રહ્યા છો. આભાર માટે અમો પાસે શબ્દો નથી. પૂજ્ય ગુરુદેવનો અપાર ઉપકાર છે' વિશેષમાં તેમણે કેટલાક પ્રશ્નો લખ્યા છે તે સંબંધમાં જણાવવાનું કે ભાઈશ્રી સ્વભાવના લક્ષે વિભાવ પર્યાય તૂટી ને નિર્મળપર્યાય થઈ,–તો ત્યાં નિર્મળપર્યાય તે પણ 'ક્રમ' જ છે, કાંઈ 'અક્રમ' તો નથી. વિભાવમાંથી નિર્મળપર્યાય થાય તેથી કાંઈ તેને અક્રમ ન કહેવાય. આ સંબંધમાં આત્મધર્મમાં ઘણી ચર્ચા આવી ગઈ છે; જરાક વિગતવાર અભ્યાસ કરશો તો બધા ખુલાસા થઈ જશે; અથવા સત્સમાગમથી ઝટ સમાધાન થઈ શકશે.

* પ્રશ્નઃ– મધ ખવાય ?

ઉત્તરઃ– ના; માંસની જેમ જ મધ સર્વથા અભક્ષ્ય છે. દવામાં પણ તે ખવાય નહીં.

*એક 'જિજ્ઞાસુ' ના પ્રશ્નો બાબતમાં જણાવવાનું કે–

'મોક્ષાર્થી' તો સમ્યક્ત્વસન્મુખ જીવોથી માંડીને બારમા ગુણસ્થાન સુધીના બધા જીવોને કહી શકાય છે.

ગૃહસ્થવેષમાં કવલ–આહાર લેતાં લેતાં, કે દોરી ઉપર નાચતાં–નાચતાં વગેરે દશામાં કેવલજ્ઞાન થવાનું માનવું તે ભગવાન અરિહંતદેવનો અવર્ણવાદ છે; તે કોઈ દશામાં કેવળજ્ઞાન થતું નથી. કેવળજ્ઞાન થયા પછી પણ જીવ કોઈને પગે લાગે કે કોઈના પગ દાબે–એમ માનવું તે પણ કેવળીપ્રભુની નિંદા કરવા સમાન છે.

'તત્ત્વજ્ઞાનમાં ભેદ હોવો ન જોઈએ' એ સાચું; સાચા જ્ઞાનમાં મતભેદ ન હોય, પરંતુ જ્યારે પરસ્પર વિરુધ્ધ બે વાત આવે ત્યારે તેમાંથી એક સાચી કઈ છે તે પરીક્ષા કરીને આત્માર્થીએ ઓળખવું જોઈએ.–નહિતર તત્ત્વનો નિર્ણય ન થાય.

વિષયાનંદ બિંદુ જેટલો, ને આત્મિક આનંદસિંધુ જેટલો–એ ઉપમા બરાબર નથી, અત્યંત વિપરીત છે ને તીવ્ર પાપની પોષક છે.

*સૌરાષ્ટ્ર–મહારાષ્ટ્ર અને મધ્યપ્રદેશના કેટલાક ગામોમાં પૂ. શ્રી કાનજીસ્વામીના પ્રવાસ માટેનો કાર્યક્રમ તૈયાર થાય છે. સોનગઢથી પોષ વદ અમાસે પ્રવાસ શરૂ થઈને પુનઃ વૈશાખ સુદ ચોથે સોનગઢ પધારશે. વિગતવાર સંપૂર્ણ કાર્યક્રમ આગામી અંકમાં આપીશું.

બાલ વિભાગના નવા સભ્યોનાં નામ આ અંકે આપી શકાયા નથી, આવતા અંકે આપીશું.

*પંચાસ્તિકાયના કેટલાક પ્રવચનો આ અંકમાં છપાયા છે. આ ઉપરાંત દ્રવ્યના ત્રણ લક્ષણ સંબંધી એક મોટો લેખ પ્રેસમાં છાપવા આપેલ, પણ પૃષ્ઠસંખ્યાની મર્યાદાને કારણે તે લેખ આ અંકમાં છાપી શકાયો નથી, એટલે પાછો આવેલ છે. અવારનવાર આ રીતે મહત્ત્વના લેખો પણ બાકી રાખવા પડે છે.

બાલવિભાગના સભ્યોને દીપાવલીઅભિનંદન કાર્ડ મોકલવામાં આવ્યા હતા; આ માટે સ્વ. બાલસભ્ય કુમારી ઉષાબેનની સ્મૃતિમાં ભાઈશ્રી વૃજલાલ મગનલાલ (જલગાંવ) તરફથી રૂા. ૧૦૧) આપવામાં આવ્યા હતા; તથા બીજા રૂા. ૧૦૧) બાલવિભાગના સભ્યો ચેતન–અતુલ–જિનેશ નવનીતલાલ દોશી (ઘાટકોપર) તરફથી બાલવિભાગમાં આવ્યા હતા.

* राधौगढમાં શ્રી બાલુભાઈના પ્રયત્નથી પાઠશાળા ચાલુ થયેલ છે; જૈનબાળપોથી વગેરે શિખવાય છે, તેમાં બાળકો ઉત્સાહથી ભાગ લ્યે છે, ને સારી જાગૃતિ થઈ છે. ધન્યવાદ! (બીજા ગામો પણ આનું અનુકરણ કરે)

## સર્વજ્ઞની કૃપા

પોતાના જ્ઞાનમાં જેણે સર્વજ્ઞનો નિર્ણય કર્યો છે અને અંતર્મુખ થઈને જ્ઞાનસ્વભાવની સમ્યક્પ્રતીતિ–જ્ઞાન–રમણતા પ્રગટ કરીને જે મોક્ષમાર્ગી થયા છે એવા ધર્માત્મા, સર્વજ્ઞના ઉપકારની પ્રસિદ્ધિ કરતાં કહે છે કે અહો પરમાત્મા! આપની મારા ઉપર કૃપા થઈ...આપની કૃપાના પ્રસાદથી જ હું મોક્ષમાર્ગ પામ્યો...મોક્ષરૂપ પરમ આનંદ તે ખરેખર આપની કૃપાનું જ ફળ છે.–કોણ કહે આમ? ...કે જેણે પોતાના હૃદયમાં સર્વજ્ઞને બેસાડીને, જ્ઞાનસ્વભાવની શ્રદ્ધા કરી છે, એટલે અંતર્મુખ થઈને ચિદાનંદપરમાત્માની પ્રસન્નતા જેણે મેળવી છે...તે વિનયના પ્રસંગે ઉપકારીનો ઉપકાર પ્રસિદ્ધ કરતાં કહે છે કે અહો નાથ! આપ મારા ઉપર પ્રસન્ન થયા...આપની પ્રસાદીથી હું પરમ આનંદ પામ્યો...આપના અનુગ્રહરૂપ કૃપાથી જ હું મોક્ષમાર્ગ પામ્યો. આ રીતે સાધક સન્તો ઉપર સર્વજ્ઞની કૃપા છે.

*પૂજ્ય શ્રી કાનજીસ્વામીના ઉત્તમ જીવન પરિચયનું રંગબેરંગી સુંદર પુસ્તક બ્ર. હરિલાલ જૈન દ્વારા સંપાદિત અને મુંબઈ–મુમુક્ષુ મંડળ દ્વારા પ્રકાશિત થયું છે; આ પુસ્તકની લાગત કિંમત ત્રણ રૂપિયા હોવા છતાં, માત્ર એક રૂપિયો કિંમત રાખવામાં આવી છે. જન્મથી માંડીને મુંબઈમાં રત્નચિંતામણી જયંતિ સુધીના મહત્ત્વના પ્રસંગો, પ્રભાવનાના અનેક પ્રસંગો, ચિત્રો અને તત્ત્વજ્ઞાનથી ભરપૂર આ પુસ્તક દરેક મુમુક્ષુને ઉત્તમ પ્રેરણાઓ આપે છે, ને જૈનધર્મની મહત્તા સમજાવે છે. તે ઉપરાંત આ પુસ્તકની બીજી એ વિશેષતા છે કે પૂ. શ્રી કાનજીસ્વામીના પોતાના જ હસ્તાક્ષરમાં ૫૫ જેટલા સિદ્ધાંતિક વચનામૃતો તેમજ તીર્થયાત્રા વખતના ઉદ્ગારો આપવામાં આવ્યા છે. આપે આ પુસ્તક ન મેળવ્યું હોય તો તુરતમાં મેળવી લ્યો. (કિંમત એક રૂપિયો; પોસ્ટેજ સહિત દોઢ રૂપિયો)

# –: વૈરાગ્ય સમાચાર :–

* ગોધરાના ભાઈશ્રી ઇન્દ્રવદન ( રમણલાલ ગીરધરલાલના સુપુત્ર ) ૨૭ વર્ષની યુવાન વયે તા. ૨૫–૧૧–૬૯ ના રોજ હૃદયરોગના હુમલાથી સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ શરૂઆતથી જ આપણા બાલવિભાગના એક ઉત્સાહી સભ્ય (No.10) હતા, અને તત્ત્વના અભ્યાસમાં સારો રસ લેતા હતા. તેમના પરિવાર પ્રત્યે સહાનુભૂતિ ઈચ્છીએ છીએ, અને સ્વ. ઇન્દ્રવદનનો આત્મા જૈનધર્મના સંસ્કારમાં આગળ વધીને આત્મહિત સાધે એમ ઈચ્છીએ છીએ. આવા પ્રસંગો જીવને ચેતાવે છે કે રે જીવ! બાળપણથી જ ધર્મના સંસ્કાર રેડીને યુવાનવયમાં આત્મહિત કરી લેવા જેવું છે,–ભવિષ્યના ભરોસે ધર્મમાં આળસ કરવા જેવું નથી. ( બાલવિભાગના દરેક સભ્ય ભાઈ–બહેનો આ વૈરાગ્યસમાચાર વાંચો ત્યારે આપણા એ સાધર્મી ભાઈની સ્મૃતિમાં નવ વાર નમસ્કાર મંત્રનો જાપ કરજો. )

* સોનગઢમાં કારતક વદ ૧૪ની રાત્રે ભાઈશ્રી હીરાચંદ ત્રિભુવનદાસ ( હીરાભાઈ ભગત ) સ્વર્ગવાસ પામી ગયા. તેઓ મૂળ સોનગઢના જુના આગેવાન વેપારી હતા, અને ગુરુદેવ સં. ૧૯૯૧ માં સોનગઢ આવ્યા ત્યારથી સં. ૧૯૯૪ સુધી તેમના ટેકરીવાળા મકાનમાં રહ્યા હતા; ને તેઓ ભક્તિપૂર્વક લાભ લેતા હતા; તેમને લીધે તેમનો વિશાળ પરિવાર પણ સત્યધર્મ તરફ વળ્યો છે. તેમની એક પુત્રી બાલબ્રહ્મચારી છે. તેમને સાંભળવાની તકલીફ હોવા છતાં અનેક વર્ષોથી તેઓ પૂજનમાં, તેમજ પ્રવચનોમાં આવતા, ને ગુરુદેવ પ્રત્યે પ્રમોદ વ્યક્ત કરતા. ચૈત્ર સુદ તેરસે તેમના મકાનમાં ગુરુદેવે દિ. જૈનધર્મનો સ્વીકાર કર્યો. ત્યારપછી લગભગ દરવર્ષે ચૈત્ર સુદ તેરસનું પ્રવચન તેઓ તે મકાનમાં કરાવતા. છેલ્લા કેટલાક વખતથી તેઓ બિમાર હતા, ત્યારે પણ અવારનવાર ગુરુદેવ તેમને દર્શન દેવા ગયેલા. દેવ–ગુરુ–ધર્મના શરણે તેઓ આત્મહિત પામે–એ જ ભાવના.

* લાઠીના ભાઈશ્રી ધીરજલાલ અમરચંદના ધર્મપત્ની મંગળાબેન આસો વદ પાંચમના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. સ્વર્ગવાસના પાંચ છ દિવસ પહેલાં જ તેઓ સોનગઢ આવેલા ને ભાવથી ગુરુદેવના દર્શન કરી ગયા હતા. વીતરાગી દેવગુરુધર્મની ઉપાસના વડે તેઓ આત્મશાંતિ પામો.

* સોનગઢમાં કારતક વદ ૧૨ ના રોજ પાલેજવાળા અજવાળી બેન સ્વર્ગવાસ પામ્યા; તેઓ સોનગઢ રહીને સત્સંગનો લાભ લેતા હતા. તેમને અઠવાડિયા પહેલાં લકવાની અસર થયેલી, ને તે બિમારીમાં તેઓ સ્વર્ગવાસ પામી ગયા. તેઓ દેવ–ગુરુ–ધર્મના શરણે આત્મશાંતિ પામો.

## વૈરાગ્ય સંબોધન

( એક વૈરાગ્યપત્રમાંથી )

જીવંત ચૈતન્યને તેના જ્ઞાનશરીરથી જુદો કરવા કોઈ સમર્થ નથી.
ક્ષણિકપ્રસંગોથી ગભરાઈને દીન થઈ જવાનું આત્માને શોભતું નથી.

* ધૈર્યવંત જીવ ગમે તે પ્રસંગને ખૂબ જ વૈરાગ્યનું કારણ બનાવીને સાચી આત્મશાંતિ પ્રાપ્ત કરવા તરફ આત્માને વાળવો. સંસાર તો ઘણો જોયો,–પણ સાર કાંઈ ન નીકળ્યો. તો હવે સાર નીકળે એવું કરવા જેવું છે. જ્યાં શરીર અને પુત્ર પણ આત્માના નથી ત્યાં બીજું કોણ આત્માનું છે?–કે જેને માટે જીવનનો કિંમતી સમય આપીએ ?

* અહો, આવો સરસ આપણો જૈનધર્મ તે આપણને ડગલે ને પગલે પરમ વીતરાગતા શીખવે છે. આત્મામાં કોઈ અપાર તાકાત છે; જ્ઞાનની–વૈરાગ્યની–આનંદની અપાર તાકાત આત્મામાં છે; ક્ષણિક નાના પ્રસંગોથી ગભરાઈને દીન થઈ જવાનું આત્માને શોભતું નથી.

* જ્ઞાની સંતો પડકાર કરીને કહે છે કે અરે વીર! તું જાગ! ઊઠ! તારી પ્રભુતાને સંભાળ. તારું ચૈતન્યજીવન હણાઈ નથી ગયું; જીવતો જાગતો ચૈતન્યભગવાન તું છો, ત્રણલોકની પ્રતિકૂળતાનો ઢગલો પણ આત્માને તેના જ્ઞાનશરીરથી જુદો કરવા સમર્થ નથી. ગભરા નહીં, હતાશ ન થા.

* વીતરાગતાની સાધના વડે જ ભવનો નાશ થાય છે. એવી ભાવના માટે સંતપુરુષોની સમીપ વસવું તે સારું છે; કેમકે ત્યાંના વાતાવરણમાં વીતરાગતા જ ઘૂંટાય છે. સંસારમાં તો મોહ જ ઘૂંટાય છે; સત્સંગમાં મનમાંથી સંસારના વિચારો છૂટીને કોઈ અનેરી શાંતિ અનુભવાય છે. સંસારથી સંતપ્ત આત્માને સાચા વૈરાગ્ય રસવડે સીંચન કરીને જ્ઞાનીઓના પંથે આગળ વધવું,–એ જ આ અસાર સંસારથી છૂટવાનો રસ્તો છે. સંતોએ ખરૂં જ કહ્યું છે કે–

'સુખકી સહેલી હૈ અકેલી ઉદાસીનતા; અધ્યાત્મની જનની તે ઉદાસીનતા.'

( જમશેદપુરના ભાઈશ્રી ધરમચંદ નરભેરામ કામાણીના સ્વર્ગવાસ પ્રસંગના એક વૈરાગ્યપત્રમાંથી આપ આ લખાણ વાંચી રહ્યા છો. ) –સામે પાને ચાલુ

# સત્સંગ જીવને જાગૃત રાખીને ક્ષણે ને પળે વૈરાગ્યની પ્રેરણા આપ્યા જ કરે છે.

* ગુરુદેવ વૈરાગ્યથી કહે છે કે અરે, આ સંસારમાં વૈરાગ્યના આવા પ્રસંગ બન્યા જ કરે છે. કર્મરૂપી દુશ્મને જીવને હેરાન કરવા માટે આ શરીરરૂપી પીંજરૂં બનાવ્યું છે. એ પીંજરામાં પૂરાવું જીવને કેમ ગમતું હશે? જીવ પોતાને ભૂલીને આ પીંજરાને જ પોતાનું સ્વરૂપ માની બેઠો. તેથી પીંજરાથી જીવ છૂટો પડતાં ખોટી રીતે દુઃખી થાય છે.
* રે જીવ! તું વિચાર તો કર, કે દેહનું પીંજરું છૂટતાં તારા આત્માનું શું કાંઈ ઓછું થઈ ગયું? અહીં કે બીજે ગમે ત્યાં આત્મા પોતાના અનંત ગુણો જ્ઞાન–આનંદસહિત જ સદાય બિરાજી રહ્યો છે, તેનું અસ્તિત્વ કદી મટી જતું નથી, કે તેનો કોઈ જ ગુણ ઓછો થતો નથી. પછી ખેદ શેનો?–માત્ર મોહનો. મોહનું દુઃખ મરણ કરતાંય વધારે છે.
* મુમુક્ષુ જીવે વિચારવું ઘટે કે–જગતમાં મૃત્યુ વગેરેનાં અનેક પ્રસંગ દેખવા છતાં વીતરાગને શું ખેદ થાય છે?–જરાય નહીં. જો વીતરાગ ખેદ નથી કરતા તો હું શા માટે ખેદ કરીને દુઃખી થાઉં?–શું હું પણ વીતરાગ જેવો જ નથી? શું મને વીતરાગતા નથી ગમતી? શું મારે વીતરાગ નથી થવું? મને વીતરાગતા ગમે છે. તો પછી આવા અલ્પ પ્રસંગમાં આવો ખેદ કરવાનું મને શોભતું નથી.–આમ શૂરવીર થઈને હે જીવ! તું વીતરાગી આદર્શને અપનાવ.
* જાગૃત જીવ પોતે જ પોતાની તાકાતથી ગમે તે પ્રસંગે સમાધાન કરે એવો છે. સત્સંગનું વાતાવરણ ક્ષણે ને પળે જીવને જાગૃત રાખીને વૈરાગ્યની પ્રેરણા આપ્યા જ કરે છે. જગતના કોઈ પ્રસંગની તાકાત નથી કે આત્માર્થીની વૈરાગ્યપરિણતિને તોડી શકે.

  રામદ્વારા થયેલું અપમાન કે ઘોર વનવાસ પણ સીતાજીની જ્ઞાનદશાને કે વૈરાગ્યદશાને જરાય આંચ પહોંચાડી શકયા ન હતા.

  ઘોરાતિઘોર આળ, અને ફાંસીની સજા પણ વીર સુદર્શન શેઠને વૈરાગ્યભાવનાથી જરાય ડગાવી શક્યા ન હતા.
* હું જ્ઞાન છું–એવી નિજાનંદની અનુભૂતિમાંથી સમકિતીને જગતમાં કોણ ડગાવી શકે છે? દૂરના દાખલા ક્યાં શોધવા?–આપણી નજર સમક્ષ જ જ્ઞાનીઓ કેવા વીતરાગભાવે શોભી રહ્યા છે! કેવો સરસ છે એમનો આત્મભાવ! આપણે પણ એમના ભક્ત છીએને!–તેમના જેવો વીતરાગભાવ ને આત્મભાવ આપણે તેમની પાસેથી શીખવાનો છે. એ જ સમાધાનનો ઉપાય છે; એ જ શાંતિનો રાહ છે, એ જ કર્તવ્ય છે.

**હે જીવ! સંસારથી વિરક્ત થઈને તું આત્મામાં ગમાડ.**

## સંસાર દશામાં-

સંસાર દશામાં અજ્ઞાની જીવ પોતે એકલો જ દુઃખી છે; કોઈ બીજો તેનું દુઃખ મટાડી શકતો નથી. પોતાના ભાવથી જ પોતે દુઃખી છે, કોઈ બીજાને કારણે નહીં.

## મોક્ષમાં પણ એકલો

હે મુમુક્ષુ ! તારે મોક્ષ સાધવો છે; મોક્ષ એકલા સધાય છે, કોઈને સાથે રાખીને નહીં. એકત્વસ્વરૂપ આત્માને અનુભવતાં મોક્ષ સધાય છે. માટે એવા અનુભવ વડે મોક્ષમાં એકલો જા.

પરમ સુખનું ધામ...જ્યાં જરાપણ દુઃખ નથી, જ્યાં સુખને માટે ખોરાકની કે પાણીની, હવાની કે દવાની કદી જરૂર પડતી નથી, જ્યાં કાળનો કોઈ પ્રતિબંધ નથી, કે મૃત્યુનો પણ જ્યાં પ્રવેશ નથી, આત્મા એકલો એકલો સ્વાધીન સુખને સદાય જ્યાં ભોગવ્યા કરે છે–એવા સિદ્ધપદને સાધવા હે જીવ ! તું તત્પર થા.

સર્વજ્ઞનો ધર્મ સુશર્ણ જાણી,<br>
આરાધ ! આરાધ ! પ્રભાવ આણી;<br>
અનાથ એકાંત સનાથ થાશે,<br>
એના વિના કોઈ ન બાંહ્ય સ્હાશે.

જ્યાં દુઃખ કદી ન પ્રવેશી શકતું<br>
ત્યાં નિવાસ જ રાખીએ.<br>
સુખસ્વરૂપ નિજ આત્મને બસ,<br>
જ્ઞાતા થઈને ઝાંખીએ.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ વતી પ્રકાશક અને
મુદ્રક : મગનલાલ જૈન, અજિત મુદ્રણાલય : સોનગઢ ( સૌરાષ્ટ્ર ) પ્રત : ૨૭૦૦